મહેસાણા, અમદાવાદ, ગાંધીનગર, સુરત, પાટણ, બનાસકાંઠા, સાબરકાંઠા, અરવલ્લીમાં બહોળો ફેલાવો ધરાવતું એકમાત્ર નિષ્પક્ષ અખબાર

સત્ય એના પૂર્ણ સ્વરૂપમાં...

# ગરવી તાકાત

GARVI TAKAT DAILY દૈનિક

તંત્રી : પ્રકાશ આર.ચૌધરી

૨૯-૦૯-૨૦૨૫
સોમવાર

વર્ષ : ૧૧ ★ અંક નં : ૧૬૭
પેજ : ૪ ★ વિક્રમ સંવત : ૨૦૮૧

કાર્યાલય : ૯,અંબિકા કોમ્પ્લેક્ષ, ટી.બી. રોડ, ભમરિયાનાળા પાસે, મહેસાણા-૨ ● ફોન : ૦૨૭૬૨ ૨૪૨૨૦૧ ● મો : ૯૨૨૭૧ ૧૩૫૫૫ ● કિંમત રૂા.૩-૦૦ ● Email : garvitakat1511@gmail.com ● www : garvitakat.com •• RNI No. GUJGUJ/2015/61367

ગરવી તાકાત
હવે આંગળીના ટેરવે
તમારા ગામ કે શહેરના સમાચાર વાંચો વેબ પોર્ટલ ઉપર આંગળીના ટેરવે
Garvitakat.com
લિંક પર ક્લીક કરો અને તમારા ગામના કે શહેરના લેટેસ્ટ સમાચાર તથા ઈ-પેપર તમારા મોબાઈલમાં વાંચો
Garvi Takat. com

### એરોડ્રોમ રોડની પટેલ નગર સોસાયટી વિભાગ-૨માં ભેંસોનું પશુપાલન અને ઉકારડા બનાવીને જાહેર જગ્યા ગંદી

# મહેસાણા મહાનગરપાલિકાની બેદરકારીથી પટેલ નગર સોસાયટીમાં ગટરનો ગંદો કુદ:રહીશોનું આરોગ્ય જોખમમાં, નોટિસની નામે ધાંધલો

**પ્રકાશભાઈ શ્રીમાળી, કૃપાલ બારોટ, રાજુભાઈ જેવા અધિકારીઓએ નોટિસની નકલ બતાવી પરંતુ મોકલવાનો પુરાવો નહીં, ૧૦ દિવસ બીત્યા પછી પણ કોઈ પગલાં નહીં; રહીશો આગ બબૂલા**

(ગરવી તાકાત) મહેસાણા તા.૨૮

મહેસાણા મહાનગરપાલિકાના સેનેટરી વિભાગની ઘોર બેદરકારીથી પટેલ નગર સોસાયટી વિભાગ-૨ (એરોડ્રોમ રોડ, આસ્થા વિહાર ફ્લેટની બાજુ)ના રહીશો ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે. જાહેર જગ્યામાં ભેંસોનું પશુપાલન અને ખુલ્લેઆમ ઉકારડા બનાવીને વિસ્તાર ગંદો બનાવવામાં આવ્યો છે, જેના કારણે રહીશોનું આરોગ્ય જોખમમાં મુકાયું છે. સ્વચ્છતા અભિયાનના દાવાઓ કરીને રહીશો પાસેથી સફાઈ ટેક્સ વસૂલતા નગરપાલિકા વહીવટીઓની દુહાઈથી રહીશો આગ બબૂલા બન્યા છે.

૧૮ સપ્ટેમ્બર, ૨૦૨૫ના રોજ સેનેટરી વિભાગના અધિકારીઓની મુલાકાત બાદ ઘણી દોડદોડી પછી પણ ૨૫ સપ્ટેમ્બર સુધી કોઈ કાર્યવાહી ન થવાથી રહીશોએ કલેક્ટરને લેખિત ફરિયાદ કરી. તેના જવાબમાં સેનેટરી વિભાગના પ્રકાશભાઈ શ્રીમાળી, કૃપાલ બારોટ અને રાજુભાઈએ એક નોટિસની નકલ બતાવી, પરંતુ તે મોકલવામાં આવી છે કે નહીં તેનો કોઈ પુરાવો નથી—ઓરિજિનલ કોપી હજુ તેમની પાસ જ છે. જો નોટિસ મોકલી હોત તો ૧૮ સપ્ટેમ્બરથી ૩ દિવસમાં આગળની કાર્યવાહી થવી જોઈએ હતી, જે થઈ નથી. આથી રહીશોમાં શંકા ઉભી થઈ છે કે કોઈ પૈસાના વ્યવહારને કારણે કાર્યવાહી અટકી છે.

ડેપ્યુટી કમિશ્નર મંડોરી, ત્રિવેદી, મયુરભાઈ સહિત તમામ અધિકારીઓને રૂબરૂ જાણ કરવા છતાં ૧૦ દિવસ વિત્યા પછી પણ કોઈ પગલાં ન લેવાથી રહીશો આક્રોશમાં છે. એક રહીશે કહ્યું, "સ્વચ્છતા અભિયાનના નારચીંગ કરીને ટેક્સ લે છે, પરંતુ આ જાહેર જગ્યા ગંદી બનાવીને રોગપ્રકોપનું આમંત્રણ આપે છે!" આ વિસ્તારમાં ગંદા પાણી અને ઉકારડાથી મચ્છરોનો ઉપદ્રવ વધ્યો છે, જે ડેન્ગ્યુ-મલેરિયાના ભયને વધારે છે.

રહીશોએ માંગ કરી છે કે, તાત્કાલિક ભેંસોનું પશુપાલન અટકાવી, ઉકારડા દૂર કરી અને જાહેર જગ્યા સ્વચ્છ કરવામાં આવે. આ મુદ્દે નગરપાલિકા પર દબાણ વધી રહ્યું છે, અને રહીશો કહે છે કે, આવી બેદરકારીથી સ્વચ્છતા અભિયાનનો મૂળ ઉદ્દેશ જ નષ્ટ થાય છે.





### સહકારી સંસ્થાઓના હજારો સભ્યો, ખેડૂતો અને પશુપાલકો અભિયાનમાં જોડાયા

## મહેસાણા સહકારી ક્ષેત્ર દ્વારા પ્રધાનમંત્રીના લોકકલ્યાણકારી નિર્ણયો બદલ પોસ્ટકાર્ડથી 'આભાર મહાઅભિયાન' શરૂ


(ગરવી તાકાત) મહેસાણા તા.૨૮

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા લેવાયેલા લોકકલ્યાણકારી અને છેવાડાના માનવીને લાભકારી નિર્ણયો બદલ આભાર વ્યક્ત કરવા માટે મહેસાણા જિલ્લાના સમસ્ત સહકારી ક્ષેત્ર દ્વારા પોસ્ટકાર્ડ મહાઅભિયાનનો પ્રારંભ કરવામાં આવ્યો છે. આ અભિયાન અંતર્ગત જિલ્લાની હજારો સહકારી સંસ્થાઓના સભ્યો, ખેડૂતો અને પશુપાલકો દ્વારા વડાપ્રધાનશ્રીને સામૂહિક રીતે આભાર પત્રો મોકલવામાં આવી રહ્યા છે.

તાજેતરમાં સરકારશ્રી દ્વારા લેવામાં આવેલા મહત્વપૂર્ણ નિર્ણયોના સીધા પ્રતિસાદ રૂપે, મહાઅભિયાનમાં મહેસાણા જિલ્લાની તમામ સહકારી સંસ્થાઓના હોદ્દેદારો, સભ્યો, ખેડૂતો, પશુપાલકો તેમજ તેમના પરિવારજનો ખૂબ ઉત્સાહ સાથે જોડાયા છે. આ પહેલ દ્વારા નાગરિકો સરકારના કલ્યાણકારી કાર્યો પ્રત્યે પોતાનો સકારાત્મક પ્રતિભાવ રજૂ કરી રહ્યા છે.

આભાર વ્યક્ત કરવાની સાથે સાથે, સહકારી સભ્યો દ્વારા પોસ્ટકાર્ડ્સ પર ×હર ઘર સ્વદેશી, ઘર ઘર સ્વદેશી× જેવા રાષ્ટ્રપ્રેમી સૂત્રોનો પ્રયોગ કરવામાં આવ્યો છે. આ સૂત્રો દ્વારા ભારતના નાગરિકો સ્વદેશી વસ્તુઓના ઉપયોગ પ્રત્યે વધુ જાગૃત થાય અને આત્મનિર્ભર ભારતના નિર્માણમાં યોગદાન આપે તે દિશામાં પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. આમ, આ અભિયાન આભાર વ્યક્ત કરવાની સાથોસાથ રાષ્ટ્રીય જાગૃતિ ફેલાવવાનું માધ્યમ પણ બની રહ્યું છે.





### બાળકોથી લઈને વડીલો સુધીએ પહેર્યા ગામડાના વસ્ત્રો, ગ્રામ્ય સંસ્કૃતિનું મહત્વ રજૂ કરતો અનોખો ગરબો

## મહેસાણાની વીઆઈપી નગર સોસાયટીમાં નવરાત્રિના છઠ્ઠા દિવસે ગ્રામ્ય જીવનની ઝાંખી : વેશભૂષા કાર્યક્રમે ખેંચ્યું બધાનું ધ્યાન

(ગરવી તાકાત) મહેસાણા તા.૨૮

નવરાત્રિનો ઉત્સાહ ચરમસીમાએ હોય ત્યારે મહેસાણાના મોઢેરા રોડ પર આવેલી વીઆઈપી નગર સોસાયટીએ નવરાત્રિના છઠ્ઠા દિવસે એક અનોખો વેશભૂષા કાર્યક્રમ યોજીને ગરબાની રંગતમાં ગ્રામ્ય જીવનનો રંગ ઉમેર્યો. આ કાર્યક્રમની થીમ 'ગ્રામ્ય જીવન' પર આધારિત હતી, જેમાં સોસાયટીના સભ્યોએ ગામડાની રહેણીકરણીને પ્રતિબિંબિત કરતાં પરંપરાગત વસ્ત્રો પહેરીને ગ્રામ્ય સંસ્કૃતિનું મહત્વ રજૂ કર્યું.

આ વેશભૂષા કાર્યક્રમમાં નાના બાળકોથી લઈને વડીલો સુધીના સૌએ ઉત્સાહભેર ભાગ લીધો. સોસાયટીના રહેવાસીઓએ ગામડાના ખેડૂતો, ગૌપાલકો અને ગ્રામીણ જીવનની વિવિધ ભૂમિકાઓને દર્શાવતા વસ્ત્રો પહેર્યા, જેમાં ધોતી-કુર્તા, લહેંગા-ચણીયા-ચોલી, પાઘડી અને પરંપરાગત ઝભ્ભા જેવા પોશાકોનો સમાવેશ થતો હતો. આ પ્રસંગે ગ્રામ્ય જીવનની સરળતા, સંસ્કૃતિ અને પર્યાવરણ સાથેના સંનાદિ સંબંધોનું મહત્વ સમજાવવામાં આવ્યું.

કાર્યક્રમમાં બાળકોએ ગામડાના જીવનને દર્શાવતી નાની નાટિકાઓ રજૂ કરી, જ્યારે વડીલોએ ગ્રામીણ પરંપરાઓ અને ખેતીના મહત્વ વિશે પોતાના અનુભવો શેર કર્યા. સોસાયટીના ગરબા મંડળે આ થીમને અનુરૂપ ગીતો અને ગરબા રજૂ કરીને સૌનું મનોરંજન કર્યું. આ કાર્યક્રમે નવરાત્રિના આધ્યાત્મિક ઉત્સાહમાં ગ્રામીણ સંસ્કૃતિનો સુંદર સમન્વય કર્યો, જે બધા માટે પ્રેરણાદાયી બન્યો.

વીઆઈપી નગર સોસાયટીના આયોજકોએ જણાવ્યું કે, "આ વેશભૂષા કાર્યક્રમ દ્વારા અમે આજની પેઢીને ગામડાની સંસ્કૃતિ અને પરંપરાઓનું મૂલ્ય સમજાવવા માગીએ છીએ. ગ્રામ્ય જીવનની સરળતા અને પ્રકૃતિ સાથેનો સંબંધ આજના સમયમાં પણ ખૂબ જરૂરી છે." આ કાર્યક્રમે સોસાયટીના રહેવાસીઓમાં એકતા અને સાંસ્કૃતિક જાગૃતિનો સંદેશ ફેલાવ્યો, જે નવરાત્રિની ઉજવણીને વધુ યાદગાર બનાવી રહ્યો છે.





## આદર્શ શૈક્ષણિક સંકુલ, વિસનગર ખાતે ધામધૂમથી 'નવરાત્રિ મહોત્સવ' ઉજવાયો

(ગરવી તાકાત) મહેસાણા તા.૨૮

શ્રી અખિલ આંજણા કેળવણી મંડળ સંચાલિત આદર્શ શૈક્ષણિક સંકુલ, વિસનગર ખાતે તા-૨૭/૯/૨૦૨૫ ના રોજ નવરાત્રિ પર્વની ધામધૂમથી ઉજવણી કરવામાં આવી. જેમાં શિક્ષણ સમિતિના પ્રમુખશ્રી ડૉ.સુરેશભાઈ ચૌધરી, છાત્રાલય સમિતિના પ્રમુખશ્રી આઈ.બી.ચૌધરી, કેળવણી મંડળના સહમંત્રીશ્રી રામજીભાઈ ચૌધરી તથા હોદ્દેદારશ્રી ખુમજીભાઈ ચૌધરી, શ્રી વિષ્ણુભાઈ ચૌધરી અને તમામ વિભાગના આચાયશ્રીઓ, સ્ટાફ મિત્રો અને ધોરણ-૧ થી ૧૨ સુધીના તમામ વિદ્યાર્થીઓ નવરાત્રિ પર્વમાં માઁ અંબેની આરાધના કરવા ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે કેળવણી મંડળના હોદ્દેદારશ્રીઓએ તથા આચાયશ્રીઓએ અને તમામ સ્ટાફ મિત્રોએ માઁ અંબાજીની આરતી ઉતારી વિદ્યાર્થીઓના ઉજ્જવળ ભવિષ્ય માટે આર્શીવાદ માગ્યા હતા. તથા વિદ્યાર્થીઓએ પણ ટ્રેડિશનલ ડ્રેસમાં હર્ષ-ઉલ્લાસ સાથે ગરબે ઘૂમી માતાજીની આરાધના કરી હતી. આ સાથે આરતી સજાવટ સ્પર્ધા પણ રખાઈ હતી. જેમાં ધોરણ-૧ થી ૧૨ ના વિદ્યાર્થીઓએ ભાગ લઈ બેનમૂન આરતી સજાવટ કરી હતી. જેમાં વિભાગ વાઈઝ બેસ્ટ ઓફ થ્રી નંબર પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીઓને તથા આરતી સજાવટમાં ભાગ લેનાર તમામ વિદ્યાર્થીઓને અને વિભાગ વાઈઝ ટ્રેડિશનલ ડ્રેસમાં ગરબે ઘૂમનાર બેસ્ટ ઓફ થ્રી વિદ્યાર્થીઓને કેળવણી મંડળના હોદ્દેદારશ્રીઓના વરદ હસ્તે ઈનામ આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. આમ કેળવણી મંડળના હોદ્દેદારશ્રીઓની પ્રેરણાથી તથા શાળાના આચાયશ્રીના માર્ગદર્શન નીચે તમામ સ્ટાફ મિત્રોના સહયોગથી નવરાત્રિ પર્વનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. સૌ પ્રસાદી લઈ છૂટા પડ્યા હતા.



### ૧૯૯૩થી કાર્યરત સરકારી ઔદ્યોગિક તાલીમ સંસ્થામાં ૧૨ વ્યવસાયિક કોર્સના ૭૦૦ વિદ્યાર્થીઓએ ગરબા-રાસમાં ભાગ લીધો

## મહેસાણા ITIમાં નવરાત્રીની ધૂમ : ૫૦૦ વિદ્યાર્થીઓએ ગરબાના તાલે ઝૂમી, આચાર્ય એમ.એમ.અન્સારીના માર્ગદર્શનમાં સાંસ્કૃતિક મહોત્સવ

**શિક્ષણ સાથે સંસ્કૃતિ-સ્વચ્છતા-સુરક્ષાના કાર્યક્રમો, ફોરમેન કલ્પેશભાઈ પટેલ સહિત સ્ટાફે તાલીમાર્થીઓને પારિવારિક ભાવના કેળવી**

(ગરવી તાકાત) મહેસાણા તા.૨૮

ઉત્તર ગુજરાતના મહેસાણા જિલ્લા મથકમાં ૧૯૯૩થી કાર્યરત સરકારી ઔદ્યોગિક તાલીમ સંસ્થા **(ITI)**માં નવરાત્રીના પવિત્ર પર્વે ધૂમ મચી ગઈ! આજે સંસ્થા પરિસરના મેદાનમાં એક દિવસીય નવરાત્રી ઉત્સવનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું, જેમાં ૧૨ વ્યવસાયિક કોર્સ (એન્જિનિયરિંગ અને નોન-એન્જિનિયરિંગ)માં તાલીમ લેતા ૭૦૦ વિદ્યાર્થીઓએ ૫૦૦થી વધુની સંખ્યામાં ઉત્સાહભેર ગરબા-રાસમાં ભાગ લીધો. આચાર્ય શ્રી એમ.એમ. અન્સારીના માર્ગદર્શન હેઠળ ફોરમેન કલ્પેશભાઈ પટેલ, સુરેશભાઈ ચૌધરી, પ્રતીકભાઈ પટેલ, નીરવભાઈ નાયક, જી.જી. પટેલ અને સંસ્થાના સ્ટાફે આ કાર્યક્રમને શોભાવ્યો, જેમાં તાલીમાર્થીઓ સાથે સ્ટાફ પરિવાર પણ મન મૂકીને ગરબે ઝૂમ્યો.

સંસ્થાનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે શૈક્ષણિક તાલીમ સાથે સાંસ્કૃતિક, સુરક્ષા, સ્વાસ્થ્ય, સ્વચ્છતા અને રોજગારલક્ષી ભરતી મેળા જેવા કાર્યક્રમો યોજવાનો છે. આ નવરાત્રી ઉત્સવે તાલીમાર્થીઓના ઉત્સાહમાં વધારો કર્યો અને પારિવારિક ભાવના કેળવી. કાર્યક્રમમાં પ્રસાદી અને અલ્પાહારની સુંદર વ્યવસ્થા કરવામાં આવી, જેનાથી વિદ્યાર્થીઓએ આનંદ અનુભવ્યો. આચાર્ય શ્રી અન્સારીએ જણાવ્યું, "આ કાર્યક્રમથી વિદ્યાર્થીઓના તાલીમી જીવનમાં સાંસ્કૃતિક રંગ ઉમેરાયો અને તેઓનો આત્મવિશ્વાસ વધ્યો."






# આરોપોનું રાજકારણ, મત ચોરીના ખોટા આરોપો

રાહુલ ગાંધી ફરી એકવાર મત ચોરીના આરોપો સાથે આગળ આવ્યા છે. આ વખતે, તેમણે કર્ણાટકના આલંદમાં મત કાપવાનો આરોપ લગાવ્યો અને કેટલાક કથિત પુરાવા રજૂ કર્યા. તેમના મતે, આ મતવિસ્તારમાંથી ૬,૦૧૮ કોંગ્રેસના મતદારોને કાઢી નાખવામાં આવ્યા હતા. તેમણે એ પણ સમજાવ્યું કે કર્ણાટકની બહારના લોકોએ મોબાઈલ ફોનનો ઉપયોગ કરીને કોંગ્રેસના મતદારોના નામ કાઢી નાખ્યા હતા.

ચૂંટણી પંચે તેમના આરોપોને, જે તેમણે ૧૦૦% ખાતરીકારક હોવાનો દાવો કર્યો હતો, પાયાવિહોણા ગણાવ્યા, અને કહ્યું કે આ રીતે મોબાઈલ ફોનનો ઉપયોગ કરીને મત કાઢી શકાતા નથી. કમિશને સ્વીકાર્યું કે આલેન્ડમાં કેટલાક લોકોના મત કાઢી નાખવાના પ્રયાસો કરવામાં આવ્યા હતા, પરંતુ સ્પષ્ટતા કરી કે એક રિપોર્ટ દાખલ કરવામાં આવ્યો છે અને તપાસ ચાલુ છે.

સ્પષ્ટપણે, જ્યાં સુધી આ તપાસ પૂર્ણ ન થાય ત્યાં સુધી, રાહુલના આરોપોને સાચા માનવાનું કોઈ કારણ નથી. નિઃશંકપણે, એવું નિષ્કર્ષ પર આવી શકાય નહીં કે જો કોઈનું નામ ખોટી રીતે દૂર કરવામાં આવ્યું હોય અથવા મતદાર યાદીમાં ઉમેરવામાં આવ્યું હોય, તો તે મુખ્ય ચૂંટણી કમિશનરના કહેવાથી કરવામાં આવ્યું હતું.

દેશમાં ભાગ્યે જ કોઈ મતવિસ્તાર હશે જ્યાં મતદાર યાદીમાં અનિયમિતતા ન થતી હોય, પરંતુ રાહુલને ઓછામાં ઓછું એ વાતની જાણ હોવી જોઈએ કે સ્થાનિક નેતાઓ, રાજ્ય સરકારો હેઠળ કામ કરતા ચૂંટણી અધિકારીઓ, આ માટે જવાબદાર છે. રાહુલ ગાંધીએ તાજેતરમાં જ મત ચોરીનો બીજો એક કિસ્સો પ્રકાશમાં લાવ્યો હતો.

તેમણે તેને અણુ બોમ્બ ગણાવ્યો હતો. તેમનો દાવો છે કે તેઓ મત ચોરીનો હાઈડ્રોજન બોમ્બ જેવો કેસ શરૂ કરશે, જેનાથી વડા પ્રધાન મોદી પોતાનો ચહેરો બતાવી શકશે નહીં. સ્પષ્ટપણે, તેઓ સાબિત કરવાનો પ્રયાસ કરી રહ્યા છે કે ભાજપ છેતરપિંડી દ્વારા ચૂંટણી જીતી રહી છે. તેઓ એ પણ સમજાવવા માટે ઉતાવળમાં છે કે ચૂંટણી પંચ પણ આ છેતરપિંડીમાં ભાજપને ટેકો આપી રહ્યું છે.એ સમજવું સમજદારીભર્યું રહેશે કે માત્ર સનસનાટીભર્યા દાવા કરવાથી તે આપમેળે ગંભીર આરોપમાં ફેરવાઈ જતું નથી. રાહુલ, જે મત ચોરીના મુદ્દાને ઉજાગર કરી રહ્યા છે, તેમણે એવા મતવિસ્તારનું ઉદાહરણ આપવું જોઈતું હતું જ્યાં ભાજપના ધારાસભ્ય જીત્યા હોત. તેઓ જે આલાન્ડ મતવિસ્તારનો ઉલ્લેખ કરી રહ્યા છે તે વાસ્તવમાં ૨૦૨૩ માં કોંગ્રેસના ઉમેદવાર દ્વારા જીત્યો હતો.

તેઓ મત ચોરીનો મુદ્દો ઉઠાવીને હેડલાઈન્સ બનાવી રહ્યા હોઈ શકે છે, પરંતુ લોકશાહી બચાવવા માટે કામ કરી રહ્યા હોવાના તેમના દાવામાં કોઈ તથ્ય નથી. જો તેમને ખરેખર લોકશાહીની ચિંતા હોય, તો તેઓ મત ચોરીના તેમના કથિત પુરાવા સાથે કોર્ટમાં કેમ નથી જતા? તેઓ વિપક્ષના નેતા છે. તેમણે પરિપક્વ અને જવાબદાર રાજકારણ દર્શાવવું જોઈએ, સનસનાટીભર્યા અને મૂંઝવણ નહીં.

**તંત્રી : પ્રકાશ ચૌધરી**

# હાર્દિક પટેલે પાટીદાર અનામત આંદોલન કોંગ્રેસને વેચી દીધુ : રેશ્મા પટેલનો આક્ષેપ





અમદાવાદ,તા.૨૮

પાટીદાર અનામત આંદોલનમાં હાર્દિકની સાથે-સાથે જાણીતા ચહેરા તરીકે ઉભરી આવેલા રેશ્મા પટેલે હાર્દિક પટેલને લઈને સ્ફોટક દાવો કર્યો છે. હાર્દિક પટેલે પાટીદાર અનામત આંદોલન કોંગ્રેસને કરોડો રૂપિયામાં વેચી દીધુ હોવાનો સ્ફોટક દાવો તેમણે કર્યો હતો. તેમણે જણાવ્યું હતું કે જો હાર્દિકે આવું કર્યું ન હોત તો આ આંદોલનની લઈને સ્થિતિ જ કંઇક જુદી હોત.

હાર્દિક પટેલે તાજેતરમાં જ સોશિયલ મીડિયા પર પોસ્ટ કરી કે શાંત છીએ સંત નથી તેનો જવાબ આપતા રેશ્મા પટેલે જણાવ્યું હતું કે હાર્દિક રૂપિયા ભૂખ્યો છે. હવે તે સત્તાભૂખ્યો પણ થયો છે, કારણ કે તેને સત્તાથી જ રૂપિયા મળવાના છે. આથી જ હાર્દિક પટેલ એક સમયે જેને ગાળો દેતો હતો તે ભાજપમાં ગયો છે. ભાજપે તેને ધારાસભ્ય બનાવ્યો તો હવે તેને મંત્રીપદ પણ જોઈએ છે, એમ રેશ્મા પટેલે જણાવ્યું હતું. આમ આંગળી આપો તો કડું પણ કાઢી લે તેવી માનસિકતા હાર્દિક પટેલની હોવાનો દાવો રેશ્મા પટેલે કર્યો હતો.

રેશ્મા પટેલે દાવો કર્યો હતો કે જ્યારે હાર્દિકે આખુ અનામત આંદોલન કોંગ્રેસને વેચવાની શરૂઆત કરી ત્યારે તેનો સૌથી પહેલા વિરોધ મેં કર્યો હતો અને તેની કિંમત પણ ચૂકવી હતી. હું અગાઉ ભાજપમાં ગઈ હતી ત્યારે આ જ હાર્દિક પટેલે અમને સમાજ દ્રોહી ગણાવ્યા હતા. અમે બહુ મોટા ગુનેગાર હોય તેવી છાપ ઊભી કરી હતી. હું તો મારા સમાજની વાત મનાવવા માટે ભાજપમાં ગઈ હતી. ભાજપે અમુક વાત માની અને અમુક ન માની. તેથી મેં પક્ષ છોડી દીધો.

હવે ભાજપમાં સામેલ થવા બદલ સમાજદ્રોહી કહેનારો હાર્દિક આજે પોતે કોંગ્રેસ છોડી ભાજપમાં ગયો છે. અમે સિદ્ધાંતોમાં માનનારા છીએ, જ્યારે હાર્દિક પટેલને કોઈ સિદ્ધાંત નથી. તે યેનકેન પ્રકારે કામ કરવા ટેવાયેલો છે. આ અગાઉ પણ અમે હાર્દિકને આંદોલનનો ચહેરો બનાવ્યો ત્યારે આ કામ અમે પોતે કરી શક્યા હોત. પણ અમે તેને આંદોલનના ચહેરા તરીકે આગળ કર્યો. તેના તેને પોતાના સિવાય કોઈની પડી નથી. પાટીદાર સમાજની પણ પડી નથી. આજે તે બધી સોશિયલ મીડિયા પોસ્ટ મૂકે છે, પણ તે શું કરવા માંગે છે તે અમને ખબર છે. મંત્રીપદને લઈને કાન સરવા થઈ ગયા છે. તેથી તેણે આ પ્રકારે પોસ્ટ કરવા માંડી છે.

આંદોલન વખતે સિંહની જેમ ગર્જતો હાર્દિક ભાજપમાં ગયા પછી મિયાની મીંદડી થઈ ગયો છે. તે પ્રજા તો ઠીક પાટીદાર સમાજ માટે પણ અવાજ ઉઠાવી રહ્યો નથી. તેના ગજવા ભરાઈ ગયા છે, હવે આખી જિંદગી તેણે બસ ફક્ત ભાજપની માળા જ જપવાની છે, પાટીદારો અને પ્રજાની તકલીફોની તેની કશી પડી નથી.

# સાઉદી અરેબિયામાં ઘર અને દુકાન ભાડાના નિયમોમાં ફેરફાર, જેની સીધી અસર ભારતીયોને



નવીદિલ્હી,તા.૨૮

ક્રાઉન પ્રિન્સ મોહમ્મદ બિન સલમાને એક ઐતિહાસિક પગલું ભર્યું છે, જેમાં સાઉદી રાજધાનીમાં નવા મિલકત ભાડાના નિયમો લાગુ કરવામાં આવ્યા છે. આ નિયમો હેઠળ, રિયાધમાં રહેણાંક અને વાણિજ્યિક મિલકતો બંને માટે ભાડામાં આગામી પાંચ વર્ષ સુધી વધારો કરવામાં આવશે નહીં. ક્રાઉન પ્રિન્સના નિર્ણયનો હેતુ ભાડાના ભાવને સ્થિર કરવાનો અને રાજધાનીમાં વાજબી અને પારદર્શક મિલકત બજાર સુનિશ્ચિત કરવાનો છે.

આ નિર્ણયની સીધી અસર એવા વિદેશીઓ પર પડશે જેઓ રોજગાર અથવા કામ માટે સાઉદી અરેબિયા આવ્યા છે, ભાડા પર રહે છે અથવા ભાડાની જમીન પર પોતાનો વ્યવસાય ચલાવી રહ્યા છે. આ લોકોમાં નોંધપાત્ર સંખ્યા ભારતીયો છે.જનરલ રિયલ એસ્ટેટ ઓથોરિટીએ જણાવ્યું હતું કે કેબિનેટ અને શાહી નિર્દેશો રાજધાનીમાં વધતા રહેઠાણ અને વાણિજ્યિક ભાડાના ભાવને રોકવા અને બજારમાં વધુ સંતુલન, પારદર્શિતા અને ન્યાયીતા લાવવા માટે રચાયેલ છે. આ કાયદામાં ભાડા નિયંત્રણ, નવીકરણ અને મિલકત નોંધણીનો સમાવેશ થાય છે.ભારત અને સાઉદી અરેબિયાનો ઐતિહાસિક સંબંધ છે. બંને દેશો વચ્ચે વેપાર વર્ષ-દર-વર્ષ વધી રહ્યો છે. ભારતમાંથી દર વર્ષે હજારો લોકો નોકરી અને વ્યવસાય માટે સાઉદી અરેબિયા સ્થળાંતર કરે છે.

સાઉદી અરેબિયામાં ૨.૫ મિલિયનથી વધુ ભારતીયો રહે છે, જેમાંથી મોટાભાગના ભાડા પર રહે છે, અને અહીં કામ કરતા લોકો પણ ભાડાની ઈમારતોમાં પોતાનો વ્યવસાય ચલાવે છે. પરિણામે, સાઉદી અરેબિયન સરકારના આ નિર્ણયથી ભારતીયોને સીધો ફાયદો થશે.

આ નવો કાયદો ૨૫ સપ્ટેમ્બર, ૨૦૨૫ થી અમલમાં આવશે. આ પછી, રિયાધમાં મકાનમાલિકો પાંચ વર્ષ સુધી હાલના ભાડા કે ભાડામાં વધારો કરી શકશે નહીં. ખાલી મિલકતો માટે નવા ભાડા અગાઉના ભાડા મૂલ્ય જેટલા હોવા જોઈએ.

પહેલી વાર ભાડે આપવામાં આવતી મિલકતોના ભાડા મકાનમાલિક અને ભાડૂઆત વચ્ચેના કરાર દ્વારા નક્કી કરવામાં આવશે.

# અમે દેશને કોંગ્રેસ શાસનની લૂંટ યવસ્થામાંથી મુક્ત કરાવ્યો : મોદી



ભુવનેશ્વર,તા.૨૮

ઓડિશાના ઝારસુગુડામાં એક જાહેર સભાને સંબોધતા, વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું, ×દોઢ વર્ષ પહેલાં, વિધાનસભા ચૂંટણી દરમિયાન, તમે, ઓડિશાના લોકોએ, એક નવા સંકલ્પ સાથે આગળ વધવાનો સંકલ્પ કર્યો હતો. આ સંકલ્પ હતો - 'વિકસિત ઓડિશા.' આજે, આપણે ઓડિશાને ડબલ એન્જિનની ગતિએ આગળ વધતા જોઈ રહ્યા છીએ. આજે, ફરી એકવાર, ઓડિશા અને દેશના વિકાસ માટે હજારો કરોડ રૂપિયાના પ્રોજેક્ટ્સ પર કામ શરૂ થયું છે. આજથી, **BSNL**નો એક નવો અવતાર પણ ઉભરી આવ્યો છે. **BSNL**ની સ્વદેશી ૪૮ સેવાઓ શરૂ કરવામાં આવી છે.×

પીએમ મોદીએ કહ્યું કે આજે શરૂ કરાયેલ બ્રહ્મપુર-ઉધના અમૃત ભારત ટ્રેન ગુજરાતના ઓડિશા લોકોને લાભ આપશે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું, ×ભાજપ સરકાર ગરીબોની સેવા અને સશક્તિકરણ કરતી સરકાર છે. અમે ગરીબો, દલિતો, પછાત વર્ગો અને આદિવાસીઓને મૂળભૂત સુવિધાઓ પૂરી પાડવા પર ભાર મૂકીએ છીએ... અમારી સરકારે અત્યાર સુધીમાં દેશભરમાં ૪ કરોડથી વધુ ગરીબ પરિવારોને પાકા મકાનો પૂરા પાડ્યા છે. ઓડિશામાં હજારો ઘરોનું નિર્માણ પણ ઝડપથી ચાલી રહ્યું છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું, ×અમારો સંકલ્પ ભારતને દરેક બાબતમાં આત્મનિર્ભર બનાવવાનો છે, ચિપ્સથી લઈને જહાજો સુધી... દેશનો દરેક નાગરિક ઈચ્છે છે કે આપણો દેશ કોઈપણથી સ્વતંત્ર રહે. તેથી, પારાદીપથી ઝારસુગુડા સુધી એક વિશાળ ઔદ્યોગિક ક્ષેત્ર બનાવવામાં આવી રહ્યું છે... અમે દેશમાં જહાજ નિર્માણ માટે ?૭૦,૦૦૦ કરોડના પેકેજને મંજૂરી આપી છે, જે ભારતમાં ૪.૫ લાખ કરોડનું રોકાણ લાવશે... આનાથી યુવાનોને ઘણો ફાયદો થશે અને લાખો નોકરીઓનું સર્જન થશે.×

જાહેર સભાને સંબોધતા, પીએમ મોદીએ કહ્યું, ×આત્મનિર્ભર ભારત માટે કુશળ યુવાનો અને સંશોધન વાતાવરણ જરૂરી છે... આજે, ઓડિશા સહિત દેશભરમાં શિક્ષણ અને કૌશલ્ય વિકાસમાં અભૂતપૂર્વ રોકાણ કરવામાં આવી રહ્યું છે... આજે, મેરિટ નામની યોજના શરૂ કરવામાં આવી છે. આ યોજના હેઠળ, ટેકનિકલ શિક્ષણ આપતી સંસ્થાઓ પર હજારો કરોડ રૂપિયા ખર્ચવામાં આવશે. આ સુનિશ્ચિત કરશે કે આપણા યુવાનોને ગુણવત્તાયુક્ત ટેકનિકલ શિક્ષણ માટે મોટા શહેરોમાં ન જવું પડે. દેશના દરેક ક્ષેત્ર અને દરેક વર્ગના નાગરિકોને સુવિધાઓ પૂરી પાડવા માટે આજે ઘણું કામ કરવામાં આવી રહ્યું છે.×

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું, ×જ્યારે તમે અમને ૨૦૧૪ માં તમારી સેવા કરવાની તક આપી, ત્યારે અમે દેશને કોંગ્રેસ યુગની લૂંટમાંથી મુક્ત કરાવ્યો. હવે, ભાજપ સરકાર હેઠળ, બેવડી બચત અને બેવડી કમાણીનો યુગ આવી ગયો છે. જ્યારે કોંગ્રેસ સત્તામાં હતી, ત્યારે આપણા કર્મચારીઓ, વેપારીઓ અને ઉદ્યોગપતિઓને વાર્ષિક ૨ લાખ રૂપિયા સુધીની કમાણી પર પણ આવકવેરો ભરવો પડતો હતો, પરંતુ આજે તેમને ૧૨ લાખ રૂપિયા સુધીની વાર્ષિક કમાણી પર એક પણ રૂપિયો ચૂકવવાની જરૂર નથી.×

અગાઉ, ઓડિશાના મુખ્યમંત્રી મોહન ચરણ માઝીએ કહ્યું હતું કે, ×વડાપ્રધાન મોદીનું ધ્યાન હંમેશા ઓડિશાના વિકાસ પર રહ્યું છે... તમારા માર્ગદર્શન અને દિશાનિર્દેશ હેઠળ, ઓડિશા પ્રગતિના માર્ગ પર છે... દુર્ગા પૂજા ઓડિશા માટે એક મુખ્ય તહેવાર છે... આજે, નવી અમૃત ભારત ટ્રેન, કૌશલ્ય વિકાસ પ્રોજેક્ટ્સ, નવો સેમિકન્ડક્ટર પાર્ક વગેરે જેવા ઘણા પ્રોજેક્ટ્સ શરૂ થવા જઈ રહ્યા છે.

વડાપ્રધાન મોદીએ અંત્યોદય આવાસ યોજના હેઠળ ૫૦,૦૦૦ લાભાર્થીઓને મંજૂરી ઓર્ડરનું વિતરણ કર્યું, જેનો હેતુ વિધવાઓ, વ્યક્તિઓ સહિત નબળા પરિવારોને પાકા મકાનો અને નાણાકીય સહાય પૂરી પાડવાનો છે. અપંગતા ધરાવતા લોકો, અને કુદરતી આફતોના પીડિતો.

# ૧ ઓક્ટોબરથી દવાઓ પર ૧૦૦ ટકા આયાત ડ્યુટી, ફર્નિચર અને ટ્રક પર પણ એટલી જ રકમ લાદવામાં આવશે

વોશિંગ્ટન,તા.૨૮

અમેરિકાના ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ગયા જાહેરાત કરી હતી કે તેઓ ૧ ઓક્ટોબર, ૨૦૨૫ થી અનેક મુખ્ય ઉત્પાદનો પર ભારે આયાત શુલ્ક લાદશે. આ નવી ટેરિફ નીતિ હેઠળ, ફાર્માસ્યુટિકલ દવાઓ પર ૧૦૦%, રસોડાના કેબિનેટ અને બાથરૂમ વેનિટી પર ૫૦%, અપહોલ્સ્ટર્ડ ફર્નિચર પર ૩૦% અને ભારે ટ્રક પર ૨૫% આયાત શુલ્ક લાદવામાં આવશે. પીટીઆઈ અનુસાર, એપીને ટાંકીને, ટ્રમ્પે તેમના સોશિયલ મીડિયા પ્લેટફોર્મ, ×ટ્રૂથ સોશિયલ× પર આ જાહેરાત કરી હતી, જેમાં સ્પષ્ટતા કરવામાં આવી હતી કે ટેરિફ-આધારિત વેપાર નીતિ તેમના કાર્યસૂચિનો એક મહત્વપૂર્ણ ભાગ છે. તેમણે દાવો કર્યો હતો કે આ પગલું સ્થાનિક ઉત્પાદનને પ્રોત્સાહન આપવા અને સરકારી બજેટ ખાધ ઘટાડવા માટે લેવામાં આવી રહ્યું છે.

જોકે, આર્થિક નિષ્ણાતોએ ચેતવણી આપી છે કે આવા વધારાના ટેરિફ ફુગાવાને વધુ વેગ આપી શકે છે અને આર્થિક વિકાસને અસર કરી શકે છે. ફેડરલ રિઝર્વના ચેરમેન જેરોમ પોવેલે તાજેતરમાં જણાવ્યું હતું કે અમે જોયું છે કે વધતી જતી ચીજવસ્તુઓની કિંમતો ફુગાવામાં સીધી રીતે ફાળો આપી રહી છે. આયાત ટેરિફ આ ઊંચા ખર્ચનું મુખ્ય કારણ છે.

ટ્રમ્પે સ્પષ્ટતા કરી હતી કે યુ.એસ.માં ઉત્પાદન એકમો સ્થાપિત કરતી ફાર્માસ્યુટિકલ કંપનીઓ પર ૧૦૦% ડ્યુટી લાગુ કરવામાં આવશે નહીં. જો કે, તે સ્પષ્ટ નથી કે યુ.એસ.માં પહેલાથી જ ઉત્પાદન કરતી કંપનીઓને આ મુક્તિમાંથી બાકાત રાખવામાં આવશે કે કેમ. સરકારી માહિતી અનુસાર, અમેરિકાએ ૨૦૨૪ માં આશરે ૨૩૩ બિલિયન મૂલ્યની દવાઓ અને તબીબી ઉત્પાદનોની આયાત કરી હતી. જો આ ડ્યુટી લાગુ કરવામાં આવે તો, દવાના ભાવ બમણા થઈ શકે છે, જેનાથી મેડિકેર, મેડિકેડ અને સામાન્ય ગ્રાહકો પર નોંધપાત્ર નાણાકીય બોજ પડી શકે છે.ટ્રમ્પે એમ પણ કહ્યું હતું કે વિદેશી ઉત્પાદકો યુએસ બજારમાં ફર્નિચર અને કેબિનેટ ભરી રહ્યા છે, જેનાથી સ્થાનિક ઉદ્યોગોને નુકસાન થઈ રહ્યું છે. તેમણે ૫૦% આયાત ડ્યુટી લાદવા માટે રાષ્ટ્રીય સુરક્ષા અને અન્ય કારણોનો ઉલ્લેખ કર્યો હતો. આ નિર્ણય ઘર ખરીદવા અથવા બનાવવાની યોજના બનાવી રહેલા યુએસ નાગરિકો માટે આંચકો હોઈ શકે છે, કારણ કે રસોડા અને બાથરૂમ યુનિટની કિંમતમાં નોંધપાત્ર વધારો થઈ શકે છે. પહેલાથી જ, યુએસમાં રહેઠાણ સંકટ અને ઊંચા મોર્ટગેજ દર લોકો માટે મુશ્કેલીઓનું કારણ બની રહ્યા છે.ટ્રમ્પ કહે છે કે વિદેશી ટ્રક ઉત્પાદકો અમેરિકન કંપનીઓને નુકસાન પહોંચાડી રહ્યા છે. તેમણે કહ્યું કે પીટરબિલ્ટ, કેનવર્થ, ફ્રેઈટલાઈનર અને મેક ટ્રક્સ જેવી કંપનીઓ વિદેશી હસ્તક્ષેપથી સુરક્ષિત રહેશે. ટ્રમ્પ માને છે કે ટેરિફ કંપનીઓને યુએસમાં રોકાણ અને ઉત્પાદન કરવા માટે પ્રોત્સાહિત કરશે. તેઓ ટીકાને નકારી કાઢે છે કે આ ટેરિફ ગ્રાહકો અને વ્યવસાયો પર ફુગાવાનો બોજ લાવશે.

## ગ્રહોનો રાઝ આપની આજ




**મેષ:** લવ લાઈફમાં નવી શરૂઆત થશે અને સંબંધો પણ મજબૂત બનશે. સામાજિક તથા રાજનૈતિક સીમા પણ વધશે. કાર્યક્ષેત્રમાં ધૈર્ય અને પ્રતિભા સાથે તમે દુશ્મન પર વિજય મેળવવામાં સફળ થશો.

**વૃષભ:** નવા કાર્યો શીખવામાં સફળતા મળશે. મહિલાઓ માટે આજનો દિવસ ખૂબ જ ઉત્તમ છે. કાર્યસ્થળ પર તમે તમારી વાત સાચી સાબિત કરી શકશો. આર્થિક મામલે વધારે વિચાર કરવાની જરૂરિયાત રહેશે.

**મિથુન:** વ્યવસાયમાં થોડા પરિવર્તન જેવી સ્થિતિ બની રહી છે. ધાર્મિક પ્રવૃત્તિના લોકો સાથે મુલાકાત તમારા દૃષ્ટિકોણમાં આશ્ચર્યજનક અને પોઝિટિવ પરિવર્તન લાવશે. ધાર્મિક અને આધ્યાત્મિક કાર્યો પ્રત્યે તમારો રસ વધશે.

**કર્ક:** જીવનસાથીના કરિયરમાં પ્રગતિના કારણે પ્રસન્ન રહેશો. વ્યવસાયમાં તમારા સખત પ્રયત્નોથી ઇચ્છા પૂર્ણ થશે. આજે વ્યવસાયિક ગતિવિધિઓ ઘરે રહીને જ યોગ્ય રીતે શરૂ થઇ જશે.

**સિંહ:** આજે સપના સાકાર કરવાનો દિવસ છે, મહેનતથી કામ લેવું. તમને પૂર્વજો પાસેથી પૈસા મળે તેવી સંભાવના છે. આર્થિક સ્થિતિમાં સુધારો થશે, પરંતુ ખર્ચા પર નજર રાખો. ઠંડા-ગરમ વાતાવરણના કારણે ગળામાં તકલીફ રહેશે.

**કન્યા:** જીવનસાથીનો સહયોગ તમારા મનોબળને જાળવી રાખશે. ભાગદોડ કરવાની જગ્યાએ શાંતિથી કામ પૂર્ણ કરવાની કોશિશ કરો. આજે માનસિક રૂપથી ખૂબ જ સંતોષજનક સમય છે.

**તુલા:** મિત્રોની સહાયથી અટકેલા કાર્યો પૂરા થશે અને નવા સારા મિત્રો પણ મળી શકશે.વ્યવસાયમાં હાલ વધારે સુધારની જરૂરિયાત નથી. વ્યસ્તતા વચ્ચે તમે લવ લાઈફ માટે સમય આપશો.

**વૃશ્ચિક:** ધનલાભના યોગ છે. અન્યની સલાહ લેવાની જગ્યાએ પોતાના મનનો અવાજ સાંભળો અને તેના ઉપર અમલ કરો. વિદ્યાર્થીઓને ગુરુના ટેકાથી ફાયદો થશે. જીવનસાથીને નવા ધંધાનો પ્રારંભ કરવા માટેનો સહયોગ મળશે.

**ધન:** રોજિંદા ભાગદોડથી થોડી રાહત મળશે. નબળાઇના કારણે પગમાં દુખાવાની પરેશાની રહેશે. આજે મોટાભાગનો સમય અધ્યાત્મક ગતિવિધિઓમાં પસાર થશે. જો કોઇ સરકારી કામ અટવાયેલું છે તો આજે તેના ઉપર કામ કરો.

**મકર:** પાર્ટનરશિપને લગતાં વ્યવસાયમાં વિશેષ સાવધાની જાળવવાની જરૂરિયાત છે. અટવાયેલાં કે ઉધાર આપેલાં રૂપિયા પાછા મળવાની શક્યતા છે. વાતચીત કરીને તમે તમારું કામ કઢાવી શકશો.

**કુંભ:** પારિવારિક વાતાવરણ પોઝિટિવ જળવાયેલું રહેશે. વિદ્યાર્થીઓને લગતાં કોઇ કામમાં સફળતા મળવાની પૂર્ણ સંભાવના છે. આ સમયે વર્તમાન ગ્રહ સ્થિતિ તમને અદભૂત શક્તિ પ્રદાન કરી રહી છે.

**મીન:** ઘરમાં રિનોવેશન અને સજાવટને લગતા પરિવર્તન આવશે. વિદ્યાર્થીઓએ ખોટી ગતિવિધિઓમાં ધ્યાન ન આપીને પોતાના અભ્યાસ ઉપર ધ્યાન આપવું.



## ફિલ્મી ગપશપ

### ભોજપુરીમાં છોકરીઓ માટે ઘણી સમસ્યાઓ છે, ખેસારીની નાયિકાએ સત્યનો પર્દાફાશ કર્યો



મુંબઈ,તા.૨૮

ભોજપુરી ફિલ્મ ઉદ્યોગ પહેલાથી જ તેના અશ્લીલતા અને બેવડા અર્થવાળા ગીતો માટે કુખ્યાત છે. ત્યાં કામ કરતી છોકરીઓને ઘણું સહન કરવું પડે છે. તાજેતરમાં, સ્ટેજ પરથી પવન સિંહનો એક વીડિયો વાયરલ થયો હતો, જેમાં તેણે એક મહિલાની કમરને સ્પર્શ કર્યો હતો. આ ચર્ચાને વધુ વેગ મળ્યો હતો. હવે, બોલિવૂડ અભિનેત્રી અર્શી ખાને, જેણે ખેસારી લાલ યાદવ સાથે એક ફિલ્મમાં કામ કર્યું છે, તેણે પણ ભોજપુરી ઉદ્યોગનો પર્દાફાશ કર્યો છે. તેણીએ કહ્યું કે અહીં છોકરીઓની ઈચ્છાઓનું સન્માન કરવામાં આવતું નથી, અને લોકો શારીરિક તરફેણને ખૂબ સામાન્ય માને છે.

અર્શી ખાને સમજાવ્યું, ×મેં ખેસારી લાલ યાદવ સાથેની એક ફિલ્મમાં અભિનય કર્યો હતો, પરંતુ તે ફિલ્મમાં મને સંપૂર્ણપણે અવગણવામાં આવી હતી. એટલું જ નહીં, મારો ફોટો ફિલ્મના પોસ્ટરમાં પણ શામેલ કરવામાં આવ્યો ન હતો. આ ફિલ્મમાં ઘણા દ્રશ્યો અને ગીતોમાં અર્શીએ પોતાની અભિનય કુશળતા દર્શાવી હતી.× અર્શી સમજાવે છે કે ભોજપુરી ઉદ્યોગમાં કામના બદલામાં તરફેણની અપેક્ષાઓ સામાન્ય છે. ઘણા લોકો તમને લાલચ આપશે અને કામનું વચન આપશે. પરંતુ તે છોકરીઓને કોઈના ફાંદામાં ફસાતા પહેલા સાવધ રહેવાની સલાહ આપશે. વધુમાં, અહીં મહિલાઓ પ્રત્યે લોકોનો દ્રષ્ટિકોણ ખાસ હકારાત્મક નથી. તેથી, ભોજપુરી ઉદ્યોગ મહિલાઓ માટે ઘણા પડકારો ઉભા કરે છે.એ નોંધનીય છે કે તાજેતરમાં, ભોજપુરી ઉદ્યોગના સૌથી મોટા સુપરસ્ટારમાંના એક માનવામાં આવતા પવન સિંહ વિવાદમાં ફસાઈ ગયા હતા. પવન સિંહનો એક વીડિયો વાયરલ થયો હતો જેમાં તેણે સ્ટેજ પર એક અભિનેત્રીની કમરને સ્પર્શ કર્યો હતો. વીડિયો વાયરલ થયા પછી, અભિનેત્રીએ તેને ઠપકો આપ્યો હતો. વધુમાં, વીડિયો વાયરલ થયા પછી પવન સિંહને ભારે ટીકાઓનો સામનો કરવો પડ્યો હતો. તેમણે એક પોસ્ટ શેર કરીને પોતાના અયોગ્ય વર્તન માટે માફી પણ માંગવી પડી હતી. ભૂતકાળમાં આવા ઘણા કિસ્સાઓ સામે આવ્યા છે, જ્યાં નાયિકાઓએ ખુલ્લેઆમ કલાકારો પર કામના નામે શોષણનો આરોપ લગાવ્યો છે.

### ગુજરાતને પહેલી અમૃત ભારત ટ્રેનની ભેટ આપતા મોદી

# બ્રહમપુર - ઉધના અમૃત ભારત ટ્રેનથી ગુજરાતના ઉડિયા લોકોને લાભ થશે : પીએમ

**સુરતના ઉધનામાં કેન્દ્રીય રેલ્વે મંત્રી અશ્વિની વૈષ્ણવ, જળશકિત મંત્રી પાટી, સાંસદ મુકેશ દલાલની ઉપસ્થિતીમાં ઉધના - બ્રહમપુર ભુવનેશ્વર અમૃત ભારત ટ્રેનને લીલીઝંડી અપાઇ**

(ગરવી તાકાત) અમદાવાદ તા.૨૮

ઓરિસ્સાના ઝારસુગુડામાં વડાપ્રધાન મોદીએ અનેક પરિયોજનાઓના ઉદ્ઘાટન અને શિલાન્યાસ કર્યા હતાં. આ તકે વડાપ્રધાન મોદીએ જણાવ્યું હતું કે આજથી શરૂ થયેલી બ્રહમપુર-ઉધના અમૃત ભારત ટ્રેનથી ગુજરાતના ઉડીયા લોકોને લાભ મળશે.

આ તકે વડાપ્રધાન મોદીએ ગુજરાતને પ્રથમ અમૃત ભારત ટ્રેનની ભેટ આપી હતી. ૫ રાજયોને જોડતી આ સુરત ઉધના-બ્રહમપુર અમૃત ભારત ટ્રેનને લીલીઝંડી આજે ઉધનાથી રેલવે મંત્રી અશ્વીની વૈશણવે આપી પ્રસ્થાન કરાવી હતી.

આ પ્રસંગે ઓરીસ્સા અને ગુજરાતમાં કાર્યક્રમો યોજાયા હતાં. ઓરીસ્સામાં જનસભાને સંબોધીત કરતા વડાપ્રધાન મોદીએ ગુજરાતને પ્રથમ અમૃત ભારત ટ્રેનની ભેટ આપતા જણાવ્યું હતું કે આજથી શરૂ



થયેલી બ્રહમપુર-ઉધના અમૃત ભારત ટ્રેનથી ગુજરાતના ઉડીયા લોકોને લાભ થશે.

દરમિયાન આજે સુરતના ઉધના ખાતે કેન્દ્રીય જળશકિત મંત્રી તેમજ ભાજપ ગુજરાત પ્રદેશ અધ્યક્ષ સી.આર.પાટીલ અને કેન્દ્રીય રેલવે મંત્રી અશ્વીની વૈશણવની ખાસ હાજરીમાં અમૃત ભારત ટ્રેનને ઉધનાથી બ્રહમપુર ભુવનેશ્વર ટ્રેનને લીલીઝંડી આપી પ્રસ્થાન કરાવાઈ હતી. આ કાર્યક્રમમાં સાંસદ મુકેશભાઈ દલાલ, શહેર પ્રમુખ પરેશભાઈ પટેલ, મેયર માવાણી, ધારાસભ્યો દક્ષેશભાઈ માવાણી, ધારાસભ્યો સંગીતાબેન પાટીલ, મનુભાઈ પટેલ સહીત પદાધીકારીઓ ઉપસ્થિત હતાં. ઉલ્લેખનીય છે કે ઉધના-બ્રહમપુર ભુવનેશ્વર ટ્રેન ૫ રાજયોને જોડે છે. તે અત્યાધુનીક સુવિધાથી સજજ છે. આ ટ્રેન ૧૩૦ થી ૧૬૦ કિલોમીટરની ઝડપે દોડે છે.

# પંજાબમાં આવેલા પૂર વિશે વડાપ્રધાન મોદીએ એક પણ ટ્વીટ કર્યું નથી, મંત્રી બરિન્દર ગોયલ

ચંદીગઢ,તા.૨૮

પંજાબ વિધાનસભાનું ખાસ સત્ર શરૂ થઈ ગયું છે. મૃતકોને શ્રદ્ધાંજલિ આપવામાં આવી. ત્યારબાદ ગૃહને બપોરે ૧૨ વાગ્યા સુધી સ્થગિત કરવામાં આવ્યું. સત્ર ફરી શરૂ થતાં, વિધાનસભાના અધ્યક્ષ કુલતાર સંધવાને કહ્યું કે ખરાબ વ્યવસ્થાપન અને કુદરતી સંસાધનોના વધુ પડતા શોષણથી પણ પૂર આવ્યું.બીબીએમબી પર સંપૂર્ણ નિયંત્રણની જરૂર છે. નિષ્ણાતોએ પૂરનું કારણ કાંપ હોવાનું જણાવ્યું છે. ગ્લોબલ વોર્મિંગ પણ એક મુખ્ય પરિબળ છે, પરંતુ મંત્રીઓ અને સાંસદ સંત સીચેવાલ બંધોને મજબૂત બનાવવા પર ધ્યાન કેન્દ્રિત કરતા રહ્યા. આપણે આટલી મોટી દુર્ઘટના પહેલા ક્યારેય જોઈ નથી.

જળ સંસાધન મંત્રી બરિન્દર ગોયલે કહ્યું કે સરકારનું ભાખરા બિયાસ નદી પર સંપૂર્ણ નિયંત્રણ હોવું જોઈએ જેથી આપણે નક્કી કરી શકીએ કે કેટલું પાણી છોડવું અને કેટલું રોકવું.



ક્યારેક, જ્યારે આપણે મહત્વપૂર્ણ નિર્ણયો લેવા પડે છે, ત્યારે આપણે પત્રો લખવા પડે છે.બીબીએમબીની જીદ કે મનસ્વીતાને કારણે, આપણે કોઈ નિર્ણય લઈ શક્યા નથી. સમયસર બેઠકો બોલાવવામાં આવી નથી.

ગોયલે કહ્યું કે ૧ મિલિયન ક્યુસેક પાણી કોતરો અને નાળાઓમાં પ્રવેશ્યું, જેના કારણે ધુસી ડેમ ઓવરફ્લો થયો, જેના કારણે પૂર આવ્યું. તેમણે કહ્યું કે પૂર પછી સહાય પૂરી પાડવાને બદલે, કેન્દ્રએ પંજાબને દોષી ઠેરવ્યું. તેમણે પૂર માટે ખાણકામને જવાબદાર ગણાવ્યું. તેઓ સમજી શક્યા નહીં કે આ કઈ શબ્દકોશમાં લખાયેલું છે. ગોયલે કહ્યું કે પીએમ મોદી પણ મોડી મુલાકાતે ગયા હતા. તેમણે પંજાબ વિશે કંઈ પોસ્ટ કર્યું નથી. તેમણે ફક્ત ૧,૬૦૦ કરોડ જ છોડી દીધા. અહીંના સ્થાનિક નેતાઓ પીએમ મોદીને ન્યાયી ઠેરવવામાં વ્યસ્ત છે, પૂરની ચર્ચા કરવાનું પણ ભૂલી ગયા છે.

હરિયાણા અને રાજસ્થાને પૂર દરમિયાન પાણી સ્વીકારવાનો ઈનકાર કર્યો હતો, છતાં તેઓ તે માંગતા રહ્યા. કેન્દ્ર સરકારે ખુલ્લેઆમ પંજાબને મદદ કરવા આગળ આવવું જોઈએ. કેન્દ્ર સરકારે પોતાની ભૂલ સુધારવી જોઈએ. સીએમ માનને એપોઈન્ટમેન્ટ આપવામાં આવી રહી નથી. તેઓ અમારી સાથે સાવકી મા જેવું વર્તન કરી રહ્યા છે.વિધાનસભા સત્ર શરૂ થાય તે પહેલાં વિપક્ષના નેતા પ્રતાપ બાજવાએ કહ્યું હતું કે હવામાન વિભાગે પહેલાથી જ ચેતવણી જારી કરી હતી, પરંતુ તેને અવગણવામાં આવી હતી. વધુમાં, ૨૦૨૩ના અહેવાલ મુજબ, પંજાબને એસડીઆરએફ માટે કેન્દ્ર સરકાર તરફથી ૯,૦૦૦ કરોડ મળ્યા હતા. જો પંજાબનો હિસ્સો સામેલ કરવામાં આવે તો તે લગભગ ૧૨,૦૦૦ કરોડ થશે. આમ છતાં, કેન્દ્ર સરકાર અને પંજાબ એકબીજા પર દોષારોપણ કરવામાં વ્યસ્ત છે, જ્યારે પંજાબના લોકો તેના પરિણામો ભોગવી રહ્યા છે.

બાજવાએ કહ્યું કે પૂરની સ્વતંત્ર તપાસ થવી જોઈએ, અને ત્યાં સુધી, જળ સંસાધન મંત્રીએ રાજીનામું આપવું જોઈએ અને વિભાગના સચિવને સસ્પેન્ડ કરવા જોઈએ. સરકાર ગંભીર નથી. જ્યારે વડા પ્રધાન મુલાકાતે આવ્યા હતા, ત્યારે તેમણે તેમની સમક્ષ પોતાનો કેસ મજબૂતીથી રજૂ કર્યો ન હતો. ૧૨,૦૦૦ કરોડ રૂપિયા બિનઉપયોગી પડેલા છે, અને તે હવે ક્યાં છે તેનો જવાબ આપવો જોઈએ.

જળ સંસાધન મંત્રી બરિન્દર ગોયલે વિધાનસભા સત્ર દરમિયાન એક ઠરાવ રજૂ કર્યો હતો, જે પસાર કરવામાં આવ્યો હતો. તેમાં કેન્દ્ર સરકાર પાસેથી ૨૦,૦૦૦ કરોડ રૂપિયાની માંગણી કરવામાં આવી હતી. તેમણે પીએમ મોદી દ્વારા જાહેર કરાયેલા ૧,૬૦૦ કરોડ રૂપિયા તાત્કાલિક રાજ્યના ખાતામાં ટ્રાન્સફર કરવાની પણ અપીલ કરી હતી. આ ઠરાવ પીએમ મોદી, ગૃહમંત્રી અને નાણાં મંત્રાલયને મોકલવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. ઠરાવમાં મુખ્યમંત્રી માનની પણ ટીકા કરવામાં આવી હતી કે તેમને વડા પ્રધાન સાથે મળવાનો સમય આપવામાં આવ્યો નથી.

# બરેલી હિંસા કેસમાં યોગી સરકાર આરોપીઓ સામે એન.એસ.એ. લાગુ કરવાની તૈયારી કરી રહી છે

બરેલી,તા.૨૮

શહેરમાં શુક્રવારની નમાજ પછી, મુસ્લિમોએ ×હું મોહમ્મદને પ્રેમ કરું છું× ના નારા લગાવતા વિરોધ કર્યો. પોલીસે લાઠીચાર્જ કરવો પડ્યો. હવે, પોલીસે આ કેસમાં અનેક ચોંકાવનારા ખુલાસા કર્યા છે. પોલીસનું કહેવું છે કે બરેલીમાં હિંસાનું આયોજન છેલ્લા પાંચ દિવસથી કરવામાં આવ્યું હતું, જેના કારણે શુક્રવારે થયેલા વિરોધ પ્રદર્શન દરમિયાન અસામાજિક તત્વો દ્વારા સુનિયોજિત પથ્થરમારો અને ગોળીબાર કરવામાં આવ્યો હતો. પોલીસ ટીમો હવે ગુનેગારોને ઓળખવા માટે કામ કરી રહી છે,સીસીટીવી ફૂટેજના આધારે તેમની ઓળખ કરી રહી છે.પોલીસ સૂત્રોની તપાસમાં જાણવા મળ્યું છે કે હિંસાનું આયોજન પાંચ દિવસથી કરવામાં આવ્યું હતું. પોલીસના જણાવ્યા અનુસાર, કાવતરામાં સામેલ તમામ લોકોની ઓળખ કરવામાં આવી રહી છે. વધુમાં, તમામ ગુનેગારો અને કાવતરામાં સામેલ લોકો સામે એનએસએ હેઠળ કાર્યવાહી કરવામાં આવશે. પોલીસનું કહેવું છે કે તેઓ વિરોધ પ્રદર્શનનું આયોજન કરનારાઓ સામે એનએસએ લાદવાની પણ તૈયારી કરી રહ્યા છે. હાલમાં, પોલીસ સામેલ તમામ લોકોના સીડીઆર રેકોર્ડની તપાસ કરી રહી છે. વધુમાં, હિંસા જ્યાં થઈ હતી તે વિસ્તારોના સીસીટીવી ફૂટેજનો ઉપયોગ ગુનેગારોને ઓળખવા માટે કરવામાં આવી રહ્યો છે.પોલીસે જણાવ્યું હતું કે શુક્રવારની નમાજ યોજાઈ રહી હતી અને ધાર્મિક અનુયાયીઓને શાંતિપૂર્ણ રીતે નમાજ અદા કરવાની સલાહ આપવામાં આવી હતી. પરિણામે, ૯૦-૯૫ ટકા લોકો પ્રાર્થના કર્યા પછી ત્યાંથી ચાલ્યા ગયા. આ દરમિયાન, કેટલાક અસામાજિક તત્વો આવ્યા અને પથ્થરમારો અને ગોળીબાર શરૂ કર્યો. પોલીસે ઘટનાનો ફોટોગ્રાફ અને વિડીયો રેકોર્ડિંગ કર્યું, અને તેના આધારે, કેટલાક વ્યક્તિઓની ધરપકડ કરવામાં આવી છે. આ ઘટનામાં દસ પોલીસ કર્મચારીઓ ઘાયલ થયા હતા અને તેમની સારવાર ચાલી રહી છે. પોલીસે જણાવ્યું હતું કે ગુનેગારો પૂર્વ આયોજિત કાવતરાના ભાગ રૂપે ભેગા થયા હતા અને પથ્થરમારો અને ગોળીબારનો આશરો લીધો હતો. આ વ્યક્તિઓની ઓળખ કરવામાં આવી રહી છે અને તેમની સામે કાર્યવાહી કરવામાં આવશે.

## ગુજરાતનો પ્રથમ મ્યુનિસિપલ ગ્રીન બોન્ડ જાહેર, સુરત મનપાનો ઈતિહાસ રચતો ૨૦૦ કરોડનો ગ્રીન બોન્ડ લોન્ચ




સુરત,તા.૨૭

ગુજરાતનો પ્રથમ મ્યુનિસિપલ ગ્રીન બોન્ડ જાહેર કરીને સુરત મનપાએ ઈતિહાસ રચ્યો છે. મનપાએ કુલ કિંમત ૨૦૦ કરોડનો ગ્રીન બોન્ડ બહાર પાડ્યો છે. સબસ્ક્રિપ્શન માટે તારીખ ૬ થી ૧૦ ઓક્ટોબર રાખવામાં આવી છે.

મનપા કમિશનર શાલિની અગ્રવાલે આ અંગે જાહેરાત કરી કે, દેશભરના રોકાણકારો માટે ખુલ્લો અવસર છે. સુરતનો ગ્રીન બોન્ડ ગુજરાતનો પહેલો પબ્લિક ગ્રીન બોન્ડ બનશે. રિટેલ રોકાણકારોને સીધી સબસ્ક્રિપ્શન તક છે. તેમણે વધુમાં કહ્યું કે, આ ભંડોળનો ઉપયોગ માત્ર પર્યાવરણીય પ્રોજેક્ટ્સમાં જ કરવામાં આવશે. જેનાથી રિન્યુએબલ એનર્જી પ્રોજેક્ટ્સને વેગ મળશે. ટ્રીટેડ વોટર રિસાયકલ પ્લાન્ટ્સ માટે પણ ખર્ચાશે.

આ મનપાનો સીધો શેરબજારમાં પ્રવેશ છે. બેંકને બદલે જનતાથી ફંડ એકત્ર કરવાની પહેલ મનપા દ્વારા કરાઈ છે. જેમાં સામાન્ય નાગરિકોને 'ગ્રીન' પહેલમાં સહભાગી થવાની તક મળશે. દેશની અન્ય મનપાઓ માટે નવો આદર્શ મોડલ બનશે તેવુ શાલિની અગ્રવાલે જણાવ્યું.

# ભાજપ અને જદયુને આંચકો લાગશે, બિહાર ચૂંટણી અંગે સર્વે કંપનીઓના મહારથીઓની ભવિષ્યવાણી

નવીદિલ્હી,તા.૨૮

બિહાર ચૂંટણીની તારીખો થોડા જ સમયમાં જાહેર કરવામાં આવી શકે છે. બધા પક્ષો પહેલેથી જ ચૂંટણીની તૈયારી કરી રહ્યા છે. ભારતીય જનતા પાર્ટીએ કેન્દ્રીય મંત્રી ધર્મેન્દ્ર પ્રધાનને તેના પ્રભારી તરીકે નિયુક્ત કર્યા છે. આ દરમિયાન, સર્વે કંપનીઓના ત્રણ નિષ્ણાતોએ બિહાર ચૂંટણી પર પોતાના મંતવ્યો રજૂ કર્યા છે, જેમાં ખુલાસો થયો છે કે, કોનો હાથ ઉપર રહેવાની શક્યતા છે. સીવોટર ફાઉન્ડેશનના સ્થાપક યશવંત દેશમુખ, વોટવાઈબના ફાઉન્ડર પાર્ટનર અમિતાભ તિવારી અને એક્સિસ માય ઈન્ડિયાના અધ્યક્ષ પ્રદીપ ગુપ્તાએ ચૂંટણી વિશ્લેષણ અંગે જણાવ્યું હતું.

ઈન્ડિયા ટુડે કોન્ક્લેવમાં બોલતા, યશવંત દેશમુખે કહ્યું કે, ×ઉત્તર પ્રદેશમાં મુસ્લિમ-યાદવ સમીકરણ બિહારમાં રાજદ જેવું જ છે, પરંતુ અખિલેશ યાદવે પીડીએ પ્લસનો પ્રયોગ કર્યો અને સફળ રહ્યા હતા. તેજસ્વી બિહારમાં આ પ્રયોગ કેવી રીતે અમલમાં મૂકી શકે છે, તે જોવાનું રહ્યું. નીતિશ કુમાર વિના કોઈ બિહાર કેમ જીતી શક્યું નહીં? કારણ કે તેમની પાસે પોતાની વોટ બેંક છે.×

અમિતાભ તિવારીએ કહ્યું કે, ×આ એક મુશ્કેલ રાજ્ય છે. ઘણી નાની પાર્ટીઓ પણ પોતાની વોટ બેંક સાથે ચાલે છે. વાત ફક્ત ત્રણ મુખ્ય પક્ષોની નથી, અને ચૂંટણીની તારીખો હજુ સુધી જાહેર કરવામાં આવી નથી. છેલ્લી ત્રણ ચૂંટણીઓમાં, એક જ જાતિના ઉમેદવારોએ ૧૦૫ બેઠકો જીતી છે.× તેમણે ઉમેર્યું કે, ×યુવાનો NDA છોડીને તેજસ્વી યાદવ અને પ્રશાંત કિશોર વચ્ચે ભાગમાં વહેંચાઈ ગયા છે. શિક્ષણને મુદ્દો બનાવીને પ્રશાંત યુવા મતદારોમાં તેજસ્વીથી પણ આગળ વધી શકે છે.×

પ્રદીપ ગુપ્તાએ બિહાર ચૂંટણીઓ વિશે કહ્યું કે, ×ચૂંટણી પરિણામોની આગાહી કરવાનો અર્થ એ છે કે, સરકાર કોણ બનાવશે. હાલમાં, બિહારના મતદારો પણ જાણતા નથી કે, કોને મત આપવો. અમે ૨૦૨૪ માં દ્રહ્રછ ની જીતની આગાહી કરી હતી.× જાતિ અને મહિલા પરિબળોના પ્રશ્ન પર, તેમણે કહ્યું કે, ×અહીં જાતિ ખૂબ જ સુસંગત છે. બિહારના તમામ ૬ પ્રદેશોમાં, મુસ્લિમ-યાદવ વસ્તી લગભગ ૨૭ ટકા છે. આ વોટ બેંક રાજદના પક્ષમાં એક થઈ ગઈ છે.

# યા દેવી સર્વભૂતેષુ કાલરાત્રી રૂપેણ સંસ્થિતા નમસ્તસ્યે નમસ્તસ્યે નમસ્તસ્યે નમોનમઃ



**યશપાલસિંહ ટી.વાઘેલા**
દરબાર ગઢ થરા

હિન્દૂ માન્યાતાઓનુસાર નવરાત્રી નાં ૯ નવ દિવસોમાં દેવી દુર્ગાનાં ૯ નવ વિવિધ સ્વરૂપોની પૂજા કરવામાં આવે છે.શક્તિની સાધના સાથે જોડાયેલા આ પાવન પર્વનાં સાતમાં નોરતે દેવી દુર્ગાનું સ્વરૂપ મહાકાળીનું પૂજન કરવામાં આવે છે.ખુલ્લા કેશ અને કાળા રંગનું શરીર ધારણ કરેલ દેવી કાળીનાં સ્વરૂપને જોઈને આસુરી શક્તિઓ કાંપી ઊઠે છે. તેમની સાધના કરવાથી ઘરમાં નકારાત્મક ઊર્જાઓ પ્રવેશ નથી કરી શકતી. એટલું જ નહીં માંના આશીર્વાદ મેળવવાથી શનિ દોષ પણ દૂર થાય છે.

મહાકાળીનાં પૂજનની વિધિ

મહાકાળીનું પૂજન કરવા માટે સાધકે તન અને મનથી પવિત્ર થઈને દેવીકાળીની પ્રતિમા અથવા ચિત્રને ગંગાજળથી સ્નાનકરાવવું આ બાદ તેના પર પુષ્પ,અક્ષત, ચંદન,ધૂપ-દીપથી પૂજા કરવી.

મહાકાળીને ગોળ અથવા શીરાનો ભોગ લગાડવો.

એક સમયે શુંભ અને નિશુંભ નામના બે રાક્ષસો હતા,જેમણે દેવલોક પર આક્રમણ કર્યું અને દેવતાઓને હરાવ્યા. દેવતાઓના શાસક ઈન્દ્ર,અન્ય દેવતાઓ સાથે શિવની મદદ મેળવવા માટે હિમાલય ગયા . તેઓએ સાથે મળીને પાર્વતીને પ્રાર્થના કરી. પાર્વતી સ્નાન કરતી વખતે તેમની પ્રાર્થના સાંભળી, તેથી તેમણે બીજી દેવી,ચંડી(અંબિકા)બનાવી જે દેવતાઓને હરાવીને તેમને મદદ કરે.ચંડી-મુંડ,શુંભ અને નિશુંભ દ્વારા મોકલવામાં આવેલા બે રાક્ષસોના સેનાપતિ હતા. જ્યારે તેઓ તેની સાથે યુદ્ધ કરવા આવ્યા, ત્યારે ચંડીએ એક કાળીદેવી,કાલી(કેટલાકઅહેવાલો માં, કાલરાત્રી)બનાવી.કાલરાત્રી એ તેમને મારી નાખ્યા,જેના કારણે ચામુંડા નામ પડ્યું.

ત્યારબાદ,રક્તબીજ નામનો એક રાક્ષસ આવ્યો.રક્તબીજને વર દાન મળ્યું હતું કે જો તેના લોહીનું એક ટીપું પણ જમીન પર પડે, તો તેનો એક ક્લોન ઉત્પન્ન થશે. જ્યારે કાલરાત્રીએ તેના પર હુમલો કર્યો, ત્યારે તેના વહેતા લોહીથી તેના ઘણા ક્લોન ઉત્પન્ન થયા.તેથી,તેને હરાવવાનું અશક્ય બન્યું.તેથી યુદ્ધ કરતી વખતે, ગુસ્સે થઈને, કાલરાત્રીએ તેનું લોહી પીધું જેથી તે નીચે ન પડે,આખરે રક્તબીજને મારી નાખ્યો અને દેવી




ચંડી તેના સેના પતિઓ,શુંભ અને નિશુંભને મારવામાં મદદ કરી.તે એટલી ઉગ્ર અને વિનાશક બની ગઈ કે તે તેની સામે આવનાર દરેકને મારવા લાગી. બધા દેવતાઓએ તેને રોકવા માટે શિવની સામે પ્રાર્થના કરી, તેથી શિવે તેને રોકવાનો પ્રયાસ કરતા તેના પગ નીચે આવવાનું નક્કી કર્યું. જ્યારે તે બધાને મારવામાં વ્યસ્ત હતી, ત્યારે શિવ તેના પગ નીચે દેખાયા. તેના પ્રિય પતિને પગ નીચે જોઈ ને,તેણીએ તેની જીભ કરડી,શિવ ને ઊભા રહેવામાં મદદ કરી અને અપરાધ ભાવમાં, તે લડાઈ ભૂલી ગઈ, તેથી શિવે તેને શાંત કરી.

બીજી એક દંતકથા કહે છે કે ચામુંડા (કાલિ) કાલરાત્રિની રચનાકર્તા હતી. એક શક્તિશાળી ગધેડા પર સવાર થઈને, કાલરાત્રિ એ ચંડ અને મુંડ રાક્ષસોનો પીછો કર્યો અને તેમને પકડીને કેદ કર્યા પછી કાલિ પાસે લાવ્યા. ચામુંડા દ્વારા આ રાક્ષસો નો વધ કરવામાં આવ્યો.આ વાર્તા ચાંદમારીનામની બીજી દેવી સાથે ગાઢ રીતે સંબંધિત છે .તે સૌથી અંધારી રાતની શકિત છે. રાત્રે, પ્રાણી સામ્રાજ્ય કામથી વિરામ લે છે અને બધા પ્રાણીઓ સૂઈ જાય છે. જેમ જેમ તેઓ સૂઈ જાય છે, તેમનો થાક દૂર થાય છે. અંતિમ વિસર્જન સમયે, વિશ્વના બધા જીવો માતા દેવીનાખોળામાં આશ્રય, રક્ષણ અને આશ્રય શોધે છે.તે અંધારી રાત્રિ, મૃત્યુ- રાત્રિનો સમય છે.તે મહા રાત્રિ છે, (સામયિક વિસર્જનની મહાન રાત્રિ) તેમજ મોહરાત્રિ (ભ્રમની રાત્રિ). સમયના અંતે, જ્યારે વિનાશ આવે છે, ત્યારે દેવી પોતાને કાલરાત્રિમાં રૂપાંતરિત કરે છે, જે કોઈ પણ અવશેષ છોડ્યા વિના બધા સમયને ભસ્મ કરે છે.

બીજી એક દંતકથા કહે છે કે, દુર્ગાસુર નામનો એક રાક્ષસ હતો, જે વિશ્વનો નાશ કરવા માંગતો હતો, તેણે સ્વર્ગમાંથી બધા દેવોને હાંકી કાઢ્યા અને ચાર વેદ છીનવી લીધા.પાર્વતીને આ વાતની ખબર પડી અને તેણે કાલરાત્રિની રચના કરી,તેને દુર્ગાસુરને હુમલા સામે ચેતવણી આપવાનો આદેશ આપ્યો. જોકે, દુર્ગાસુરના રક્ષકોએ કાલરાત્રિને સંદેશવાહક તરીકે દેખાડતાં તેને પકડવાનો પ્રયાસ કર્યો. ત્યારબાદ કાલરાત્રિએ એક વિશાળ સ્વરૂપ ધારણ કર્યું અને તેને ચેતવણી આપી. ત્યારબાદ, જ્યારે દુર્ગાસુર કૈલાસ પર આક્રમણ કરવા આવ્યો, ત્યારે પાર્વતીએ તેની સાથે યુદ્ધ કર્યું અને તેને મારી નાખ્યો, જેના કારણે તેનું નામ દુર્ગા પડ્યું. અહીં કાલરાત્રિ એક એજન્ટ તરીકે કામ કરે છે જે પાર્વતીથી દુર્ગાસુરને સંદેશ અને ચેતવણી આપે છે.

કાલરાત્રિનો રંગ સૌથી કાળી રાત્રિ જેવો છે,તેના વાળ ખૂબજભરેલા છેઅને તેનું સ્વરૂપ સ્વર્ગીય છે. તેના ચાર હાથ છેડાબા બે હાથ માં તીર અને વજ્ર છેઅને જમણા બે હાથમાં વરદ (આશીર્વાદ) અને અભય (રક્ષણ) મુદ્રા છે.તે ચંદ્રની જેમ ચમકતો હાર પહેરે છે. કાલ રાત્રિને ત્રણ આંખો છેજે વીજળી જેવા કિરણો નીકળે છે. જ્યારે તે શ્વાસ લેછે.અથવા બહાર કાઢે છે ત્યારે તેના નાકમાંથી જ્વાળા ઓ નીકળે છે.તેનો સવાર ગધેડો છે, જેને ક્યારેક શબ તરીકે ગણવામાં આવે છે.આ દિવસે વાદળી, લાલ અને સફેદ રંગો પહેરવા જોઈએ. કાલરાત્રિનો દેખાવ દુષ્ટો માટે વિનાશ લાવનાર માનવામાં આવે છે.પરંતુ તે હંમેશા તેના ભક્તો માટે સારા ફળ આપે છે અને તેનો સામનો કરતી વખતે ભય ટાળવો જોઈએ,કારણકે તે આવા ભક્તો ના જીવનમાંથી ચિંતાના અંધકાર ને દૂર કરે છે. નવરાત્રિના સાતમા દિવસે તેની પૂજાને યોગીઓ અને સાધકો દ્વારા ખાસ મહત્વ આપવામાં આવે છે.

પ્રાર્થનાઓ.મંત્ર.ૐ દેવી કાલરાયૈ નમઃ ઓં દેવી કાલરાત્ર્યાય નમઃ

માં કાલરાત્રી મંત્ર-મા કાલરાત્રી મંત્રઃ યા દેવી સર્વભૂતેષુ મા કાલ રાત્રિ રૂપેણ સંસ્થિતા !

નમસ્તસ્યે નમસ્તસ્યે નમસ્તસ્યે નમો નમઃ !!

એં હીં કલીં ચામુંડાયે વિચ્ચૈ નમઃ

સપ્તમં કાલરાત્રિ.સપ્તમંકાલરાવ્યે નમ : ?

આ દરમિયાન મહાકાળીની કથા બોલવી અથવા સાંભળવી.કથા બાદ દેવીની પૂજા કરવા માટે મંત્રોનો જાપ કરવો.

અંતમાં માંની આરતી કરવી અને થયેલ ભૂલ-ચૂકની માફી માંગવી.

મહાકાળીનો સિદ્ધમંત્ર

'ૐ એં હીં કલીં ચામુંડાયે વિચ્ચૈ ૐ કાલરાત્રિ દેવ્યે નમઃ ! અસ્તુ.

## દસ્તાવેજોના આધારે રૂપિયા ૩૫ કરોડનું નાણાકીય કૌભાંડથી હડકંપ મચ્યો

# અમદાવાદની બેંકમાં ખાતું ખોલાવી છેતરપિંડી આચરી, ઇન્કમટેક્સની નોટિસ મળતા કૌભાંડ સામે આવ્યું, બે આરોપી સામે ફરિયાદ થઈ

(ગરવી તાકાત) પાટણ તા.૨૮

પાટણ જિલ્લાના હારીજ પોલીસ સ્ટેશનમાં એક મોટા નાણાકીય કૌભાંડની ફરિયાદ નોંધાઈ છે. ફરિયાદી રોહિતભાઈ ગંગારામભાઈ પરમારના અંગત દસ્તાવેજોનો ઉપયોગ કરીને અમદાવાદની એક બેંકમાં કરંટ ખાતું ખોલાવી આશરે ૩૫ કરોડ રૂપિયાના વ્યવહારો કરવામાં આવ્યા હતા. આ મામલે બે આરોપીઓ વિરુદ્ધ ઠગાઈનો ગુનો દાખલ કરાયો છે.

વર્ષ ૨૦૨૦માં ફરિયાદીના પિતાને પૈસાની જરૂરિયાત હતી. તે સમયે, તેમના ગામના પરિચિત શંકર દેસાઈએ લોન કરાવી આપવાની લાલચ આપી હતી. શંકર દેસાઈએ જણાવ્યું હતું કે, તેમના એક ઓળખીતા ઠક્કરભાઈ બેંકમાં નોકરી કરે છે અને લોન મેળવવામાં મદદ કરશે.

શંકરભાઈ ફરિયાદીને અમદાવાદમાં એક ઓફિસ પર લઈ ગયા હતા, જ્યાં તેમના આધાર કાર્ડ, પાન કાર્ડ, ચૂંટણી કાર્ડ અને અન્ય દસ્તાવેજો મેળવવામાં આવ્યા હતા. આ દસ્તાવેજોના આધારે, 'ઉમિયા ટ્રેડીંગ' નામે એક પેઢી ખોલવામાં આવી, જેમાં ફરિયાદી રોહિત પરમારને પ્રોપ્રાઈટર દર્શાવવામાં આવ્યા. આઈડીબીઆઈ બેંક, આશ્રમ રોડ, અમદાવાદ ખાતે આ પેઢીના નામે કરંટ ખાતું ખોલવામાં આવ્યું હતું. આરોપીએ ખાતું ખોલાવતી વખતે




ફરિયાદી પાસેથી એક નવું સિમ કાર્ડ પણ લીધું હતું.

આ ખાતું ૩ નવેમ્બર, ૨૦૨૦ થી ૭ સપ્ટેમ્બર, ૨૦૨૧ સુધી સક્રિય રહ્યું હતું. વર્ષ ૨૦૨૧-૨૨ દરમિયાન, આ ખાતામાં આશરે ૩૬ કરોડ ૪૭ લાખ ૭૦ હજાર રૂપિયાના નાણાકીય વ્યવહાર થયા હતા. વધુ ટ્રાન્ઝેક્શનને કારણે ફરિયાદીને ઈક્મટેક્સ વિભાગ તરફથી નોટિસ મળતા ૪ જૂન, ૨૦૨૫ના રોજ આ સમગ્ર ઠગાઈની જાણ થઈ હતી.

નોટિસ મળ્યા બાદ ફરિયાદીએ આરોપી શંકર દેસાઈ સાથે વાતચીત કરી હતી.

શંકરભાઈએ પોતાની ભૂલ સ્વીકારીને એક અઠવાડિયામાં મામલો થાળે પાડવાની ખાતરી આપી હતી. જોકે, કોઈ નિરાકરણ ન આવતા, શંકર દેસાઈએ ૧૯ જૂન, ૨૦૨૫ના રોજ ૩૦૦ રૂપિયાના સ્ટેમ્પ પેપર પર નોટરી કરીને આપી હતી. તેમાં તેમણે કબૂલ્યું હતું કે, આ ખોટું તેમનાથી થયું છે અને ઈક્મટેક્સ વિભાગની નોટિસમાં જે પણ દંડ કે ખુલાસો થશે, તે તેઓ ભરશે અને ફરિયાદીની કોઈ જવાબદારી રહેશે નહીં.

આ મામલે ફરિયાદીએ પાટણ પોલીસ અધિક્ષક કચેરીમાં અરજી આપી હતી, જેના આધારે હારીજ પોલીસ સ્ટેશનમાં શંકર દેસાઈ અને ઠક્કરભાઈ અને અન્ય એક અજાણ્યા શખ્સ વિરુદ્ધ ગુનો નોંધવામાં આવ્યો છે. હારીજ પોલીસે કેસની નોંધણી કરીને પોલીસ ઈન્સ્પેક્ટર નરસિંહકુમાર અમૃતલાલ શાહને તપાસ સોંપી છે. ફરિયાદીએ તેમની ફરિયાદમાં આરોપી 'મોટી પાર્ટી' હોવાથી અપહરણ કે હત્યાની શક્યતા પણ વ્યક્ત કરી છે.

---

## વડાલી ખાતે રાજ્યકક્ષા મંત્રી જગદીશ વિશ્વકર્માની ઉપસ્થિતિમાં

# બાલ ગોપાલ બચત અને ધિરાણ સેવા સહકારી મંડળી દ્વારા પોસ્ટકાર્ડ લખીને પ્રધાનમંત્રીનો આભાર વ્યકત કર્યો

**પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીનો આભાર વ્યક્ત કરવા ૩૦,૦૦૦ જેટલા બાળ સભાસદોએ પોસ્ટકાર્ડ લખ્યા**

(ગરવી તાકાત) ઈડર તા.૨૮

સાબરકાંઠા જિલ્લામાં શેઠ સી.જે. હાઈસ્કૂલ, વડાલી સંકુલ ખાતે સહકાર, મીઠા ઉદ્યોગ, છાપકામ અને લેખનસામગ્રી,પ્રોટોકોલ,લઘુ, સૂક્ષ્મ અને મધ્યમ ઉદ્યોગ, કુટિર, ખાદી અને ગ્રામોધોગ, નાગરિક ઉડ્ડયન રાજ્યકક્ષાના મંત્રી જગદીશ વિશ્વકર્માની ઉપસ્થિતિમાં બાલ ગોપાલ બચત અને ધિરાણ સેવા સહકારી મંડળીના બાળ સભાસદો દ્વારા પોસ્ટકાર્ડ લખીને પ્રધાનમંત્રીશ્રીનો આભાર વ્યકત કર્યો હતો.

આંતરરાષ્ટ્રીય સહકારિતા વર્ષ–૨૦૨૫ અંતર્ગત ગુજરાતભરમાંથી આભારપત્રો લખવાના વિશાળ અભિયાનની શરૂઆત થઈ છે. જે અંતર્ગત બાળ ગોપાલ બચત અને ધિરાણ સેવા સહકારી મંડળી દ્વારા પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીનો આભાર વ્યક્ત કરતા ૩૦,૦૦૦ જેટલા બાળ સભાસદોએ પોસ્ટકાર્ડ લખ્યા છે. આવનાર સમયમાં બાળ ગોપાલ બચત અને ધિરાણ સેવા સહકારી મંડળી દ્વારા એક લાખથી વધુ પોસ્ટકાર્ડ લખાશે.



(તસ્વીર-અહેવાલ : રાકેશ નાયક,ઈડર)

આ પ્રસંગે રાજ્યકક્ષાના મંત્રી જગદીશ વિશ્વકર્માએ ઉપસ્થિત બાળકો સાથે વાર્તાલાપ કર્યો હતો. બાળકોએ પોતાની બચત અંગેના અનુભવ રજૂ કર્યા હતા. આ અવસરે મંત્રીશ્રીના હસ્તે સો નવા બાળ સભાસદોને બચત પેટી વિતરણ કરવામાં આવ્યું હતું.

આ પોસ્ટકાર્ડમાં સહકારિતા મંત્રાલયની અલગ સ્થાપના, જી.એસ.ટી. સુધારણાના ફાયદા, માઇક્રો એટીએમ, મંડળીઓનું ડિજિટલાઈઝેશન તેમજ આત્મનિર્ભર ભારતની પ્રતિબદ્ધતા જેવી મહત્વપૂર્ણ પહેલો બદલ પોસ્ટકાર્ડ લખીને પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદી પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરી છે.

ખેડૂતો, પશુપાલકો તથા યુવાઓને સહકારી ક્ષેત્ર સાથે વધુને વધુ જોડાવા પ્રોત્સાહિત કરવાનો અને રોજગારી તકો ઉભી કરવાની દિશામાં સહકારથી સમૃદ્ધિના અભિગમ મજબૂત કરવાના વડાપ્રધાનના નેતૃત્વમાં લેવાયેલા નિર્ણયો પ્રત્યે આભારની લાગણી સભાસદો વ્યક્ત કરી રહ્યા છે.

આ કાર્યક્રમમાં લોકસભા સાંસદ શોભનાબેન બારૈયા,ઈડર ધારાસભ્ય,બાળ ગોપાલ બચત બેંક ચેરમેન અશ્વિનભાઈ પટેલ, અગ્રણી કનુભાઈ,વિવિધ આગેવાનો તેમજ બાળ સભાસદો ઉપસ્થિત રહ્યા હતા.

---

## મજૂર કલ્યાણ ટ્રસ્ટની બાળાઓએ માથે ગરબા લઈને ગરબે રમી

# યાત્રાધામ અંબાજીમાં છઠ્ઠા નોરતે ૫૧ આદિવાસી બાળાઓએ મહાઆરતી કરી

(ગરવી તાકાત) અંબાજી તા.૨૮

અંબાજી મંદિરમાં નવરાત્રીના છઠ્ઠા નોરતે મજૂર કલ્યાણ ટ્રસ્ટ આદિવાસી આશ્રમશાળાની ૫૧ બાળાઓ દ્વારા મહાઆરતી કરવામાં આવી હતી. આ બાળાઓએ માથે ગરબા લઈને ચાચર ચોકમાં ગરબે રમી શક્તિ, ભક્તિ અને ગરબાનો અનોખો સંગમ રજૂ કર્યો હતો.

આ મહાઆરતીમાં ૬ થી ૧૧ વર્ષની બાળાઓ જોડાઈ હતી. આશ્રમશાળાની બાળાઓ દ્વારા ગત વર્ષે પણ આ પ્રકારે મહાઆરતી કરવામાં આવી હતી, જે એક પરંપરા બની રહી છે.

શક્તિપીઠ અંબાજી મંદિરમાં નવરાત્રી દરમિયાન મોટી સંખ્યામાં ભક્તો માતાજીની આરાધના કરવા ઉમટી પડે છે. દરરોજ રાત્રે ૯ કલાકે ચાચર ચોકમાં માતાજીની મહાઆરતી થાય છે, જેમાં ભક્તોની ભીડ ઉમટી પડે છે.

મહાઆરતી બાદ ચાચર ચોકમાં ગરબાની રમઝટ શરૂ થાય છે. ખેલૈયાઓ માતાજીની ભક્તિમાં લીન થઈ ગરબે ઝૂમે છે. નવરાત્રી દરમિયાન દરરોજ અલગ-અલગ ગાયક કલાકારો દ્વારા ચાચર ચોકમાં





પોતાની પ્રસ્તુતિ આપવામાં આવે છે.

નવરાત્રી પર્વને લઈને અંબાજી મંદિરને રંગબેરંગી રોશનીથી શણગારવામાં આવ્યું છે. મંદિરની આ ભવ્ય રોશની જોઈને ભક્તો આનંદ અને ભક્તિની લાગણી અનુભવે છે.

---

## નરસિંહભાઈ દેસાઈ સેન્ટર ફોર કરિયર ડેવલપમેન્ટ દ્વારા

# ડિજિટલ અને ફાઈનાન્સિયલ લિટરસી વિષયક મિટિંગનું કરાયેલ આયોજન

(ગરવી તાકાત) ઈડર તા.૨૮

તાજેતરમાં નરસિંહભાઈ દેસાઈ સેન્ટર ફોર કરિયર ડેવલપમેન્ટ દ્વારા આસપાસના ગામોના લોકોને ધ્યાનમાં રાખીને ડિજિટલ અને ફાઈનાન્સિયલ લિટરસી વિષયક વિશેષ મિટિંગનું આયોજન કરવામાં આવ્યું હતું. આ મિટિંગનો મુખ્ય હેતુ ગ્રામ્ય વિસ્તારના નાગરિકોને ડિજિટલ યુગમાં નાણાકીય વ્યવહારો અંગે જાગૃત બનાવવાનો અને તેમને સુરક્ષિત પદ્ધતિઓ વિશે માહિતગાર કરવાનો હતો.

આ પ્રસંગે **SDP (Secure Deposit Payment)** એપ વિશે વિગતવાર માહિતી આપવામાં આવી. ખાસ નોંધનીય વાત એ છે કે આ એપ ગુજરાતમાં જ વિકસિત કરવામાં આવી છે. આ એપનો મુખ્ય ઉદ્દેશ્ય ભારતના નાણાં દેશની અંદર જ રહે તે સુનિશ્ચિત કરવાનો છે તથા ભારતના યુવાનોને નવી રોજગારીની તકો ઉપલબ્ધ કરાવવાનો છે. આ એપ દ્વારા નાણાકીય વ્યવહારો સરળ, પારદર્શક અને સુરક્ષિત રીતે કરી શકાય છે.



મિટિંગ દરમિયાન નિષ્ણાતોએ સમજાવ્યું કે કેવી રીતે ટેકનોલોજીનો યોગ્ય અને અસરકારક ઉપયોગ કરીને ગ્રામ્ય વિસ્તારના લોકો પોતાના દૈનિક નાણાકીય કાર્યોને સરળ બનાવી શકે છે. તાલીમ દરમિયાન ભાગ લેનારાઓને **SDP** એપનો પ્રાયોગિક પરિચય આપવામાં આવ્યો, જેથી તેઓ પોતાના રોજિંદા જીવનમાં તેનો ઉપયોગ કરી શકે.

આ મિટિંગમાં આશરે ૩૦ લોકો સક્રિય રીતે જોડાયા હતા અને સૌએ એકમતથી અભિપ્રાય વ્યક્ત કર્યો કે આવી પ્રકારની જાગૃતિ કાર્યક્રમો ભવિષ્યમાં સતત યોજવા જોઈએ. આ પ્રકારની તાલીમથી સામાન્ય નાગરિકોને ડિજિટલ નાણાકીય વ્યવહારોની સાચી સમજણ પ્રાપ્ત થવા સાથે દેશની આર્થિક પ્રગતિમાં યોગદાન મળી શકે છે.

---

## ગ્રીન વિલા સોસાયટીમાં નવરાત્રીના રંગે રંગાયો 'વોકલ ફોર લોકલ': બાળકોની વેશભૂષામાં 'સ્વદેશી અપનાવો'નો સંદેશ

# મહેસાણાની ગ્રીન વિલા સોસાયટીમાં નવરાત્રીના પવિત્ર પર્વે બાળકોએ વેશભૂષા દ્વારા PM મોદીના 'આત્મનિર્ભર ભારત' અને 'સ્વદેશી' અભિયાનને ઉજાગર કર્યું

**ભારતીય સંસ્કૃતિના જતન સાથે 'વોકલ ફોર લોકલ'નો ઉત્સાહ, નવી પેઢીએ ગરબા અને વેશભૂષામાં દેશભક્તિનો રંગ ફેલાવ્યો**





(ગરવી તાકાત) મહેસાણા તા.૨૮

આદ્યશક્તિ જગતજનની જગદમ્બાના નવલા નોરતાના પવિત્ર દિવસોમાં મહેસાણાની ગ્રીન વિલા સોસાયટી ભારતીય સંસ્કૃતિ અને દેશભક્તિના રંગોમાં રંગાઈ ગઈ. નવરાત્રીના ઉત્સવમાં શ્રદ્ધા અને મનોરંજનનો સમન્વય કરતા સોસાયટીના બાળકોએ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના 'વોકલ ફોર લોકલ' અને 'સ્વદેશી અપનાવો, વિદેશી હટાવો'ના સંકલ્પને આગળ વધારવા એક ભવ્ય વેશભૂષા કાર્યક્રમ યોજ્યો. આ કાર્યક્રમમાં બાળકોએ પરંપરાગત ભારતીય વસ્ત્રો અને સ્વદેશી ઉત્પાદનોની થીમ પર આધારિત વેશભૂષા ધારણ કરી, 'આત્મનિર્ભર ભારત'નો સંદેશ આપ્યો.

'વોકલ ફોર લોકલ' અભિયાન, જે ભારત સરકારની 'આત્મનિર્ભર ભારત' ની દિશામાં એક મહત્વપૂર્ણ પગલું છે, તેના દ્વારા દેશી ઉત્પાદનો અને ઉદ્યોગોને પ્રોત્સાહન આપવાનો ઉદ્દેશ છે.

આ થીમ પર આધારિત વેશભૂષામાં બાળકોએ ભારતીય હસ્તકલા, ખાદી, અને સ્થાનિક ઉત્પાદનોનું પ્રદર્શન કરી, 'સ્વદેશી અપનાવો'ના સૂત્રને જીવંત કર્યું. સોસાયટીનું આંગણ ગરબાના તાલ અને ભારતીય પરંપરાઓના રંગોથી ગુંજી ઉઠ્યું, જેમાં રહીશો અને બાળકોએ ઉત્સાહથી ભાગ લીધો.

આ કાર્યક્રમ દ્વારા નવી પેઢીએ ભારતીય સંસ્કૃતિના જતન સાથે આર્થિક આત્મનિર્ભરતા અને દેશભક્તિનો સંદેશ આપ્યો. રહીશોએ આ પહેલને "નવરાત્રીના ઉત્સવમાં સંસ્કૃતિ અને સ્વદેશીનો સુંદર સમન્વય" ગણાવી અને બાળકોના પ્રયાસોની સરાહના કરી. આ ઉજવણીએ નવરાત્રીના આધ્યાત્મિક મહત્વ સાથે 'આત્મનિર્ભર ભારત'ની ભાવનાને નવો ઉત્સાહ આપ્યો.

---

# સંક્ષિપ્ત સમાચાર

## ઈડર તાલુકાના ગણિત-વિજ્ઞાન પ્રદર્શનમાં દિયોલી હાઈસ્કૂલની કૃતિ પ્રથમ આવી

(ગરવી તાકાત) ઈડર તા.૨૮

તાજેતર માં તારીખ ૨૫ સપ્ટેમ્બર ગુરુવારના રોજ ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ, ગાંધીનગર પ્રેરિત, જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, ઈડર (સા.કાં.), જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી, હિંમતનગર અને શ્રી અરવલ્લી શાળા વિકાસ સંકુલ, ઈડરના સંયુકત ઉપક્રમે ૫૭માં એસ.વી.એસ. કક્ષાનું વિજ્ઞાન-ગણિત-પર્યાવરણ પ્રદર્શન ૨૦૨૫-૨૬ આનંદીબેન પ્રેમુભાઈ ઠાકર હાઈસ્કૂલ, ગાંઠીઓલ મુકામે યોજાયું. જેમાં શ્રીમતી એમ.જે.મેવાડા શિવશક્તિ વિદ્યામંદિર, દિયોલી તા ઈડર જિ સાબરકાંઠા દ્વારા વિભાગ ૫(બ) જળ સંરક્ષણ અને વ્યવસ્થાપનમાં ભાગ લીધો હતો જેમાં શાળાના ધોરણ ૧૦માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ થુરી ક્રિશ અરવિંદભાઈ તથા પટેલ રૂદ્ર રાકેશભાઈ એ એટમોસ્ફિયરિક વોટર જનરેશન ટેક્નોલોજી આધારિત વર્કિંગ મોડલ રજૂ કર્યું હતું જેને પ્રથમ નંબર પ્રાપ્ત થયો હતો. વિદ્યાર્થીઓની સિધ્ધિ પ્રાપ્ત કરવા માટે શાળાના આચાર્ય પ્રકાશચંદ્ર પટેલ અને શાળા પરિવાર દ્વારા વિદ્યાર્થીઓ અને માર્ગદર્શક શિક્ષક સંદીપભાઈ પટેલને અભિનંદન આપ્યા હતા અને જિલ્લા કક્ષાએ ભાગ લઈ શાળાનું નામ રોશન કરવા શુભેચ્છાઓ પાઠવી હતી.



## મહારાષ્ટ્ર સરકાર આંગણવાડી કાર્યકરો અને સહાયકોને ૨,૦૦૦-૨,૦૦૦ રૂપિયા આપશે

મુંબઈ,તા.૨૭

દિવાળી પહેલા મહારાષ્ટ્ર સરકાર આંગણવાડી કાર્યકરો અને સહાયકોને એક મોટી ભેટ આપી રહી છે. સરકાર આંગણવાડી કાર્યકરો અને સહાયકોને ૨,૦૦૦-૨,૦૦૦ રૂપિયા આપશે. આ રકમ ટૂંક સમયમાં સીધી તેમના ખાતામાં જમા કરવામાં આવશે. સરકાર આ દિવાળી ભેટ પર કુલ ૪૦.૬૧ કરોડ રૂપિયા ખર્ચ કરશે.

મહારાષ્ટ્ર સરકારના મહિલા અને બાળ વિકાસ મંત્રી અદિતિ તટકરેએ જાહેરાત કરી કે, આ દિવાળી પર રાજ્ય સરકાર સંકલિત બાળ વિકાસ સેવાઓ યોજના હેઠળ કામ કરતી આંગણવાડી કાર્યકરો અને સહાયકોને બે હજાર રૂપિયાની ભેટ આપશે. તટકરેએ જણાવ્યું કે, આ પહેલ માટે ૪૦.૬૧ કરોડ રૂપિયા મંજૂર કરવામાં આવ્યા છે, અને આ અંગે એક સરકારી આદેશ જાહેર કરવામાં આવ્યો છે.

મંત્રીએ કહ્યું કે, ×આંગણવાડી કાર્યકરો અને સહાયકો બાળકોની સંભાળ, પોષણ અને તેમના સર્વાંગી વિકાસમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. તેમની નિષ્ઠાને માન્યતા આપતા અને આ તહેવારોની સિઝન દરમિયાન તેમની ખુશી બમણી કરવા માટે રાજ્ય સરકારે આ 'ભાઈબીજ'ની ભેટ આપવાનું નક્કી કર્યું છે.×

તેમણે જણાવ્યું કે, આ રકમ ટૂંક જ સમયમાં આઈસીડીએસ કમિશનર દ્વારા લાભાર્થીઓને વિતરિત કરવામાં આવશે. મંત્રીએ કહ્યું કે, આ નિર્ણયથી રાજ્યભરના હજારો આંગણવાડી કાર્યકરો અને સહાયકોના ચહેરા પર સ્મિત આવશે અને તેમની દિવાળી વધુ આનંદદાયક બનશે.

## યુપીના આઝમગઢમાં પિતાએ પુત્રી અને તેના પ્રેમીને ગોળી મારી; છોકરીનું મોત

આઝમગઢ,તા.૨૮

યુપીના આઝમગઢમાં એક પિતાએ તેની પુત્રી અને તેના પ્રેમીને ગોળી મારી. ગોળી વાગવાથી પુત્રીનું મોત થયું, જ્યારે તેના બોયફ્રેન્ડની હાલત ગંભીર છે. અહેવાલો અનુસાર, શુક્રવારે બપોરે દેવગાંવ કોતવાલી વિસ્તારમાં લાલગંજ બાયપાસ પર સ્થિત એક રેસ્ટોરન્ટમાં હોબાળો મચી ગયો હતો જ્યારે માસીરપુરનો રહેવાસી આદિત્ય સિંહ (૨૦) તેની સગીર ગર્લફ્રેન્ડ, જે પાકડી ખુર્દનો રહેવાસી છે, સાથે આવ્યો હતો. આ દરમિયાન છોકરીના પિતા નીરજ સિંહ પણ ત્યાં પહોંચ્યા હતા.

પિતા અને પુત્રી વચ્ચે ઝઘડો થયો અને ગુસ્સામાં પિતાએ પોતાની લાઈસન્સ પ્રાપ્ત રિવોલ્વર કાઢીને પુત્રી અને તેના બોયફ્રેન્ડ પર ગોળી ચલાવી. ઘટના બાદ આરોપી પિતા ઘટનાસ્થળેથી ભાગી ગયો. રેસ્ટોરન્ટમાં હાજર લોકોએ તાત્કાલિક બંનેને લાલગંજની સંયુક્ત ૧૦૦ બેડ હોસ્પિટલમાં લઈ ગયા. તેમની ગંભીર હાલતને કારણે, ડોકટરોએ તેમને વારાણસી રિફર કર્યા. સારવાર દરમિયાન છોકરીનું મૃત્યુ થયું, જ્યારે આદિત્ય હજુ પણ ગંભીર હાલતમાં છે. એસપી સિટી મધુબન કુમાર સિંહે જણાવ્યું કે વિદ્યાર્થીના પિતા નીરજ સિંહે પોતાની લાઈસન્સ પ્રાપ્ત રિવોલ્વરથી ગુનો કર્યો છે. પોલીસ હાલમાં આ મામલાની તપાસ કરી રહી છે. એસપી સિટીએ જણાવ્યું હતું કે છોકરીની માતા રેસ્ટોરન્ટમાં વાત કરી રહી હતી ત્યારે તેના પિતા આવ્યા, અને ઝઘડો થયો. ત્યારબાદ તેણે તેણીને ગોળી મારી દીધી. પોલીસે કેસ નોંધ્યો છે.

## સિદ્ધપુરમાં બેફામ કાર ચાલકે બાળકીને ટક્કર મારી:ગંભીર ઇજા થતા બાળકીનું મૃત્યુ, ગુનો દાખલ

(ગરવી તાકાત) સિદ્ધપુર તા.૨૮

સિદ્ધપુરમાં બેફામ કાર ચાલકે એક બાળકીને ટક્કર મારતા તેનું મૃત્યુ થયું છે. આ ઘટના બાદ કાર ચાલક વાહન છોડીને ફરાર થઈ ગયો હતો. સિદ્ધપુર પોલીસે કાર ચાલક વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. પ્રાપ્ત માહિતી અનુસાર, કૈલાશકુમાર બાબુલાલ ગાડલીયાની દીકરી રવિનાકુમારીને ઈકો કાર (નં. જી.જે. ૦૫ આર એફ ૬૯૫૨) ના ચાલકે પૂરઝડપે અને ગફલતભરી રીતે વાહન હંકારીને ટક્કર મારી હતી.

આ ગંભીર અકસ્માતમાં રવિનાકુમારીને માથાના ભાગે તેમજ બંને પગ ઉપર ગંભીર ઈજાઓ થઈ હતી, જેના કારણે તેમનું મોત નીપજ્યું હતું. અકસ્માત સર્જ્યા બાદ, તહોમતદાર કાર ચાલક પોતાની ઈકો ગાડી ઘટનાસ્થળે મૂકીને નાસી છૂટ્યો હતો.

Volume : 11 Issue : 167 Owner, Publishers, Printer & Editor : Prakashbhai R. Chaudhary, At: 5, Sarsavati Society, Nagalpur Highway Road, Mehsana- (N.G) 384002
Place Of Publication : 9, Ambica Complex, S.T. Work Shop Road Near Bhamriya Nala, District Mehsana • Printed at : GARVI TAKAT OFFSET-5, Ambika Complex, T.B. Road, Mehsana- 384002